# Chap-5

પ્રકરણ – ૫ :

## વિવેચક વાડીલાલ

સાહિત્યકૃતિઓનું વિવેચન કરવું એ વા.મો.શાહની મુખ્ય પ્રવૃત્તિ નહોતી પરંતુ પત્રકાર તરીકેનું કાર્ય બજાવતાં બજાવતાં અવલોકનાર્થે આવતાં પુસ્તકોનું વિવેચન કરવાનું એમને માટે અનિવાર્ય બન્યું હતું. એમની ઉત્કટ ઇચ્છાથી એમણે વિવેચનકાર્ય હાથ ધર્યું નહોતું. એમના જ શબ્દોમાં આ કથનને સમર્થન આપતાં નોંધવું જોઈએ કે –

" સ્વીકાર અને અવલોકન" શીર્ષક લેખ પરત્વે કાંઇ કહેવાની જરૂર નથી. જે લેખકોને મારું રિવ્યુ અપ્રિય લાગે તેઓએ કૃપા કરી હવે પછી અવલોકનાર્થે પુસ્તક મોકલવાનો શ્રમ સેવવો નહિ. મને પણ એ thankless task માં કીમતી વખત અને શક્તિનો વ્યય થતો અટકવાથી લાભ જ થશે."[1] આમ વિવેચનના કાર્ય પરત્વે વા.મો. શાહને સમય અને શક્તિનો વ્યય થતો હોય એમ લાગતું, છતાં એમણે કરેલી કેટલીક ગ્રંથસમીક્ષાઓ અને કેટલાક છૂટાછવાયાં અવલોકનો વિવેચનના સાહિત્યક્ષેત્રે એમને જરૂર સ્થાન અપાવે છે. વા.મો.શાહનાં ગ્રંથાવલોકનોનો ઊંડાણમાં અભ્યાસ કરતાં પહેલાં એમના પુરોગામી અવલોકનકારો અને તેમનાં અવલોકનોની શૈલીનો સંક્ષેપમાં ઉલ્લેખ કરવો અહીં ઉચિત ગણાશે.

---

૧. "જૈ. હિ.": ૧૯૧૬: પૃ. ૧૦.

વિવેચન એટલે શું? "વિવેચન" શબ્દનો વિચાર કરતાં "વિવેચન" એટલે "ટીકા" એવો એક પ્રથમ ઉપલક અર્થ આપણી સમક્ષ રજૂ થાય છે, પરંતુ વિવેચનમાં "ટીકા" ઉપરાંત કેટલાક વધુ મુદ્દાઓનો સમાવેશ થાય છે. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં તો વિવેચનસાહિત્ય હતું જ નહિ. સંસ્કૃત સાહિત્યમાં એ ક્ષેત્રે થોડું ઘણું ખેડાણ થયેલું દૃષ્ટિએ પડે છે. સંસ્કૃત શ્લોકોના અર્થ સમજાવી, એમાંના કઠિન શબ્દોના પર્યાયો આપી, સમાસોના વિગ્રહો કરી એની "ટીકા" રજૂ કરવામાં આવતી હતી. કેટલાક કાવ્યોને દૃષ્ટાંતો દ્વારા પણ સમજાવવામાં આવતાં હતાં. છતાં સમગ્ર કાવ્યનો તલસ્પર્શી અભ્યાસ, કે એમાંનું રહસ્ય તથા ચમત્કૃતિને સ્ફુટ કરતાં લખાણો જોવામાં આવતાં નહોતાં. તે સમયે "ટીકા"નો સામાન્ય અર્થ "સ્પષ્ટીકરણ" એવો કરવામાં આવતો હતો.

ગુજરાતી સાહિત્યમાં આંગ્લ કાવ્યશાસ્ત્રની પ્રેરણાથી વિવેચનના સાહિત્યસ્વરૂપની શરૂઆત થઈ. આ ક્ષેત્રના જન્મદાતા હોવાનું માન નર્મદને ફાળે જાય છે. એણે ગદ્ય, પદ્ય, અને નાટક ત્રણે વિશે પોતાના સ્પષ્ટ અભિપ્રાયો અને વિચારો વ્યક્ત કર્યાં છે. આ વિચારોમાંના કેટલાક તેને સંસ્કૃત તેમજ અંગ્રેજી સાહિત્યના અભ્યાસથી સૂઝ્યા છે અને કેટલાક તેના મૌલિક વિચારો છે. અવતરણો સહિત રજૂ થયેલા એના અભિપ્રાયો એજ વિશેષત: એનું વિવેચનકાર્ય છે. ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક દૃષ્ટિએ પ્રથમ સ્થાન ભોગવતો નર્મદ એના ઉત્સાહ, અધીરાઈ અને જુસ્સાને કારણે તલસ્પર્શી વિવેચન કરી શક્યો નથી. પ્રેમાનંદ અને શામળ, એ બેમાંથી ઉત્તમ કોણ? એ વિષયની નર્મદ અને દલપતની ચર્ચાએ તત્કાલીન સમાજમાં વાદવિવાદ જગાવ્યો હતો ત્યારે બંનેએ પોતપોતાના ઉત્તમ કવિતા વિશેના અંગત અભિપ્રાયો દર્શાવ્યા હતા.

નર્મદ કરતાં નવલરામનું વિવેચનક્ષેત્રે પ્રદાન ઘણું વિશિષ્ટ અને મહત્ત્વનું છે. શ્રી હીરાબેન ક. મહેતાએ લખ્યું છે કે -

"કવિ દલપતરામ તથા નર્મદાશંકરના સાહિત્યસંબંધી ભિન્ન પ્રકારના વિચારોનો અને મતોનો પોતાનામાં વિવેકપુરઃસર સમન્વય કરી, ગુજરાતી સાહિત્યમાં મનનાત્મક દ્રષ્ટિએ અને શાસ્ત્રીય પધ્ધતિએ વિવેચન લખનાર પહેલા નવલરામ હતા."[2] વિવેચકને આવશ્યક એવા સર્વ ગુણોનું નવલરામમાં દર્શન થાય છે. એમનું વિવેચન મુખ્યત્વે ગ્રંથાવલોકનોમાં સમાયેલું છે. સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યની મદદથી ઘણા સુધારા-વધારા સૂચવી અર્વાચીન ગુજરાતી સાહિત્યના નાટકનું સ્વરૂપ એમણે સ્પષ્ટરીતે આલેખી બતાવ્યું છે. વિવેચક હોવાથી કેટલાક વિવેચનના સિધ્ધાંતો પણ એમણે તારવી બતાવ્યા છે. "સારા ગ્રંથને વખાણવા અને નઠારાને તોડી પાડવા એ ગ્રંથપરીક્ષકનો ધર્મ છે", એમ જણાવતા નવલરામ પોતે એ સિધ્ધાંતનું પાલન કરતા જણાય છે. "નીડરતા" એ વિવેચકનું અતિઆવશ્યક લક્ષણ છે. કોઇપણ લેખ કે ગ્રંથનું અવલોકન કરતાં વિવેચકે પોતાને જે સાચું લાગે તે જણાવી તે લખાણની શ્રેષ્ઠતાની પ્રશંસા કરી હલકી કોટિના ગ્રંથોની ઝાટકણી કાઢવી જોઇએ. એના વિચારો દ્વેષભાવરહિત અને પૂર્વગ્રહરહિત હોવા જ જોઇએ. તટસ્થતાથી સમતોલપણે કરવામાં આવેલું વિવેચન જ શ્રેષ્ઠ વિવેચન ગણાય છે. વિવેચકે વિવેચન કરતી વખતે પોતાના પૂર્વગ્રહો વચમાં અંતરાયરૂપ ન બને તેની કાળજી રાખવી પડે છે. ઉચ્ચકક્ષાનાં લખાણોને બિરદાવી હલકી કક્ષાનાં લખાણો કે ગ્રંથોને વ્યવસ્થિત દલીલો દ્વારા તે હલકાં છે એમ નીડરતાથી સાબિત કરવાનું વિવેચકનું પ્રથમ કર્તવ્ય છે. આ ઉપરાંત વિશાળ વાંચન, અનન્ય નિષ્ઠા, ખંતીલી શોધ, અન્વેષણ-

---

૨. હીરા ક. મહેતાઃ "આપણું વિવેચન સાહિત્ય": ૧૯૩૯ : પ્રથમ આવૃત્તિ : પૃ. ૩૯.

વૃત્તિ, નિખાલસતા, તથા તટસ્થ અવલોકન પણ વિવેચકનાં જરૂરી લક્ષણો છે. નવલરામ ઉપર્યુક્ત ગુણો ધરાવતા સ્પષ્ટવક્તા વિવેચક છે. માસિકોમાં પુસ્તકોનાં નિયમિતરીતે અવલોકનો લખનાર એ પહેલા છે. શ્રી આનંદશંકર ધ્રુવે નવલરામને વિશે નોંધ્યું છે કે –

"નવલરામ ગુજરાતી ભાષાના વિદ્વાન પણ એમની વિશિષ્ટતા સાહિત્યવિવેચનમાં. એમનામાં સાહિત્યના ગુણદોષ સમતોલબુધ્ધિથી પારખવાની અદ્ભુત સ્વાભાવિક શક્તિ, પણ બહુ-વિશાળ જ્ઞાનથી એ સંસ્કાર પામેલી નહિ, તેમ વિશાળ બનેલી પણ નહિ. જેવું તે સમયનું સાહિત્ય, તેને અનુરુપ એમની વિવેચના. પરંતુ તે સાથે આગામી સમય સમજવા જેટલી ઉદાર સહૃદયતા ખરી અને તેથી "કુસુમમાળા"નું ગુણદર્શન."[3]

નર્મદ અને નવલરામ બંનેના વિવેચનસાહિત્યનો વિચાર કરીએ તો નર્મદમાં પરિપક્વ વિચારશક્તિનો અભાવ વર્તાય છે જ્યારે નવલ–રામમાં સમતાવાળા વિવેકી સ્વભાવને પરિણામે પરિપક્વતાનું દર્શન અનેક સ્થળે દ્રષ્ટિગોચર થાય છે. નવલરામ પછીના વિવેચક છે, મણિલાલ નભુભાઇ દ્વિવેદી. એમની મુખ્ય પ્રવૃત્તિ સાહિત્યવિવેચનની નહોતી. શુધ્ધ સાહિત્ય તત્ત્વની ચર્ચા કરતા એમના થોડાઘણા લેખો છે પરંતુ એમનું વિવેચન ગ્રંથાવલોકનો દ્વારા જ આકાર પામ્યું છે. બ.ક.ઠાકોરે તો એમને નવલરામ કરતાં વધારે વિદ્વાન, ઉદાર, અપક્ષ અને શાસ્ત્રીય વિવેચક ગણ્યા છે.[4] આ વાતને અતિશયોક્તિ ગણીએ તો પણ મણિલાલની ગ્રંથસમીક્ષાઓ સંગીન અને સમતોલ જરૂર છે. વિવેચકને સૂચના આપતાં મણિલાલે કહ્યું છે કે – "વિવેચકે મહાન

---

3. નવમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં પ્રમુખપદેથી આપેલું વ્યાખ્યાન; હીરા ક.મહેતા કૃત "આપણું વિવેચન સાહિત્ય", પૃ.૫૯–૬૦.

૪. બ.ક.ઠાકોર: "વિવિધ વ્યાખ્યાનો": પૃ. ૨.: પૃ. ૬૩.

કૃતિનું સમગ્ર અને વ્યાપક દર્શન કરાવવું જોઇએ ..... નાના નાના લેખનું અવલોકન કરવાનું નથી. તેને આખા વિશ્વનું, જનસ્વભાવનું, ને અનેક સંભવોનું, સૂક્ષ્મ અવલોકન કરવાનું છે કે જેથી વિવિધ કલ્પનાથી ઉદ્ભવતા ચિત્રની શક્યાશક્યતાનો વિવેક કરી તેમાંથી તે સાર કાઢી શકે."[૫] એમના જ સિદ્ધાંતો એમણે કરેલા અવલોકનોને લાગુ પાડીએ તો એમાં એમની ઊંડી વિદ્વત્તા અને બુદ્ધિપ્રતિભા પ્રકાશિત થયેલી દેખાય છે. સૂક્ષ્મ પૃથક્કરણ કરવાની એમની ચીવટ પ્રશંસનીય છે. મણિલાલના સાહિત્યથી વાડીલાલ ખૂબ પ્રભાવિત થયેલા હતા એ આપણે "પત્રકાર વાડીલાલ" અને "ગદ્યકાર વાડીલાલ"ના પ્રકરણોમાં જોયું. વાડીલાલ એમના ઘણાખરા લખાણોમાં મણિલાલની પૃથક્કરણાત્મક પદ્ધતિને અનુસરતા લાગે છે.

વિવેચન વિશે વાત કરતાં રમણભાઇ અને નરસિંહરાવને પણ ભૂલવા ન જોઇએ. રમણભાઇનાં અવલોકનો પૂર્વગ્રહથી મુક્ત હોય એમ લાગે છે. તેઓ એમ મક્કમપણે માનતા કે જ્યાંસુધી ભાષાનું વિવેચન થાય નહિ ત્યાં સુધી ભાષા સમર્થ અને ઉન્નત થઇ શકતી નથી. પુરોગામીઓ દ્વારા રચાયેલા ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપોનાં સિંહાવલોકનો તથા વિહંગાવલોકનો કરવાનો મોકો રમણભાઇએ ઝડપી લઇને નિબંધ, જીવન-ચરિત્ર, પ્રવાસવર્ણન, હાસ્યરસિક ગ્રંથો, તત્ત્વજ્ઞાન વગેરેને સાહિત્ય દૃષ્ટિએ તપાસ્યાં છે. નરસિંહરાવની સૂક્ષ્મ પૃથક્કરણશક્તિ તેમના "મનોમુકુર"ના ચાર ગ્રંથોમાં આપેલા વિવેચનાત્મક નિબંધોમાં નજરે પડે છે. ઝીણવટ, ચોકસાઇ અને વ્યવસ્થા એમની વિવેચનામાં સ્પષ્ટ તરી આવે છે.

---

૫. મણિલાલ ન. દ્વિવેદી: "સુદર્શન ગદ્યાવલિ": પૃ. ૭૮૫.

આનંદશંકર ધ્રુવ અને બ. ક. ઠાકોરનો પણ વિવેચનક્ષેત્રે વિપુલ પ્રદાન છે. આનંદશંકરનું વિવેચન-સાહિત્ય વિશેષત: એમના "વસન્ત" માસિકમાં સમાવિષ્ટ થયેલું છે છતાં ગોવર્ધનરામની સરખામણીમાં વિવેચનક્ષેત્રે આનંદશંકરનું પ્રદાન ઘણું મોટું છે. એમનાં લખાણોની વિશિષ્ટતા એ એમની શૈલીનું લાઘવ છે. ખૂબ જ સંક્ષેપમાં સમાવેશ પામેલા એમના વિચારોના અવતરણને ટૂંકાવવું ઘણું મુશ્કેલ બને છે. વાડીલાલની લાઘવયુક્ત સૂત્રાત્મક શૈલી આનંદશંકરની શૈલીને આ બાબતમાં કંઇક અંશે મળતી છે એમ કહી શકાય. વિવેચનશાસ્ત્ર કયા કયા પ્રકારે ખેડાવું જોઇએ તે વિશે આનંદશંકરે પાંચ પ્રકારો ગણાવ્યા છે તે નીચે પ્રમાણે છે :

"વિવેચનશાસ્ત્રની રચનાને અંગે, કલાના અને તે ઉપરથી સાહિત્યના તત્ત્વનું અન્વેષણ કરવું એ એનો એક પ્રકાર છે; સાહિત્યના વિવિધ પ્રકાર લઇ તેનાં સ્વરૂપલક્ષણ બાંધવાં એ બીજો પ્રકાર છે; અમુક કૃતિના ગુણદોષ કે ગુણની મર્યાદા અવલોકવી એ ત્રીજો પ્રકાર છે; તેમ ગુણદોષનો વિચાર પડતો મૂકી માત્ર એનું સૂક્ષ્મ સ્વરૂપ ઊંડા ઊતરીને સમજવા યત્ન કરવો એ ચોથો પ્રકાર છે; સર્વાનુભવરસિકથી ભિન્ન સ્વાનુભવરસિક વિવેચન – જેમાં વાચકના બોધ માટે નહિ, પણ પોતાના જ ઉપભોગ માટે અમુક સાહિત્યકૃતિનું નિરીક્ષણ થાય છે અને એ રીતે વિવેચનરૂપ એક વિશિષ્ટ સાહિત્યનો પ્રકાર ઉત્પન્ન કરવામાં આવે છે, એ એનો પાંચમો પ્રકાર છે – ઇત્યાદિ અગણિતરૂપે વિવેચન-કલા ખીલવવાની જરૂર છે; કારણકે જેમ ઊંચું સાહિત્ય વિવેચન-શાસ્ત્ર માટે નવું વસ્તુ ઉત્પન્ન કરે છે, તેમ ઉંચું વિવેચન સાહિત્યને નવા માર્ગ સુઝાડે છે."[૬] આનંદશંકરે વર્ણવેલા વિવેચનના પાંચ પ્રકારો–

---

૬. નવમી ગુજરાતી સાહિત્ય પરિષદના વ્યાખ્યાનમાંથી: હીરા ક. મહેતા: "આપણું વિવેચન સાહિત્ય": પૃ. ૧૮૧.

માંથી વાડેલાલે ત્રીજા પ્રકારનું વિવેચન વધુ કર્યું છે તેનું હવે આપણે મૂલ્યાંકન કરીએ.

શ્રી હીરાબેન મહેતાએ "આપણું વિવેચન સાહિત્ય"માં વાડીલાલનાં વિવેચનોને સ્થાન આપ્યું નથી, પરંતુ "ગ્રન્થાવલોકન", "સ્વીકાર અને અવલોકન" તથા "સમાલોચના"ના શીર્ષકોથી પ્રસિધ્ધ થતી વાડીલાલની ગ્રંથસમીક્ષાઓ સને ૧૯૦૪ થી ૧૯૨૧ સુધી "જૈનહિતેચ્છુ"ના પૃષ્ઠો પર પથરાયેલી છે એ વીસરવું જોઇએ નહિ. મણિલાલે જેમ સ્વતંત્ર વિવેચનગ્રંથો કે લેખો ઘણા ઓછા લખ્યા છે તેમ વાડીલાલે પણ શુધ્ધ વિવેચનગ્રંથો ઘણા જૂજ લખ્યા છે. એમના વિવેચનગ્રંથ તરીકે "કબીરજીનાં આધ્યાત્મિક પદો – વિવેચન સહિત"[૭] જ ગણાવી શકાય. છતાં "જૈનહિતેચ્છુ"માં કરવામાં આવેલાં ગ્રંથાવલોકનોનું મહત્ત્વ ઓછું આંકી શકાય એમ નથી. શ્રી રામપ્રસાદ શુક્લ અને બિપિન ઝવેરીએ એમના સંયુક્તરીતે પ્રસિધ્ધ થયેલા ગ્રંથમાં વા.મો.શાહની વિવેચકોમાં ગણના કરી છે અને વાડીલાલના "પાટણની પ્રભુતા"ના સર્વોત્તમ અવલોકનને બિરદાવ્યું છે.[૮]

"ઘનશ્યામ"ના તખલ્લુસથી લખાયેલી "પાટણની પ્રભુતા", શરૂઆતમાં તો વાડીલાલના ધ્યાનમાં આવી નહોતી પરંતુ જ્યારે એ નવલકથા અંગે જૈનસમાજમાં ઉગ્ર ઊહાપોહ થયો ત્યારે એ પુસ્તકમાં શું લખ્યું છે તે જાણવાની એમને ઉત્કંઠા થઇ. આમ વિવેચન કરવાના ધ્યેયથી વાડીલાલે એ પુસ્તક વાંચ્યું નહોતું એમ તો આપણે સહેજે સમજી શકીએ. "જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ" પત્રમાં "પાટણની પ્રભુતા" વિરૂધ્ધ વિચારો પ્રદર્શિત થતાં પોકાર ઉઠાવનાર વિદ્વાન મિત્ર પાસેથી જ એ

---

૭. "કબીરજીનાં આધ્યાત્મિક પદો – વિવેચન સહિત!" ૧૯૧૧: પ્રથમ આવૃત્તિ

૮. "આપણું સાહિત્ય": ૨: અર્વાચીનકાલ ૧૯૫૭: પહેલી આવૃત્તિ પૃ. ૪૧.

પુસ્તકની પ્રત મેળવી અહોરાત એનું વાચન સંપૂર્ણ કર્યા બાદ એમનામાં એ પુસ્તકના લખાણ વિશે અહોભાવ પ્રગટ થયો. જૈનોએ આ પુસ્તક વિરૂદ્ધ વિચારો દર્શાવી એને અન્યાય કર્યો હોય એમ વાડીલાલને લાગ્યું. આનંદસૂરિ નામના જૈન જતિના પાત્રને રાજપ્રકરણી બાબતોમાં ભાગ લેતો "ઘનશ્યામે" બતાવ્યો છે તે કેટલાક જૈનોને ખૂંચતું હતું, તેથી એ પુસ્તક જૈનસમાજ તેમજ જૈનધર્મની ઇજ્જતને હાનિ પહોંચાડે છે એવા વિરોધના સૂર જૈનોમાં ઊઠયા હતા. વાડીલાલને આ વાત સત્યથી વેગળી લાગી એટલે એમણે એ "ઘનશ્યામ"ને શોધી કાઢી તેને અભયદાનની ખાત્રી આપી. એમનાજ શબ્દોમાં આ વાત નોંધીશું તો વધુ ઉચિત ગણાશે.

"હું તે પુસ્તકને ફરી ફરી વાંચવાની પ્રેરણાને દાબી શક્યો નહિ: એટલું તે બલદાયક, ખૂબીદાર, સુવ્યવસ્થિત ઘટનાવાળું, ભિન્ન ભિન્ન માર્ગે સામર્થ્ય ધરાવતી પ્રકૃતિઓનું આબેહૂબ ચિત્ર આલેખવામાં સફળ નીવડેલું, "કલા"ના નમૂનારૂપ, તેજસ્વી સૃષ્ટિ રચવામાં નિપુણ, સુંદર પુસ્તક હતું. પુસ્તક વાંચી રહયા બાદ મને ઇચ્છા થઇ કે મારે તેના લેખક રા. "ઘનશ્યામ"નું પૂરું નામ-ઠામ મેળવી તેમને મળેલી ફતેહ માટે તેમને અભિનંદન આપવું. મૂછનો દોરો પૂરો ફૂટયો નથી એવા એ નવજવાનને મળતાં મારું હૃદય એવી નૂતન આશાથી નાચવા લાગ્યું કે "ગુજરાતમાં નવજીવનનો સંચાર થવા લાગ્યો ખરો! હિંદમાં શક્તિદેવીના ભયનાં પરાક્રમી ધર્મના - પનોતાં પગલાં થવા લાગ્યા ખરાં"૯.

જે પુસ્તક વાંચતાં વાડીલાલ આટલા બધા પ્રભાવિત થયા હતા તે વિશે થોડા સમય પછી એમને જાણવા મળ્યું કે "જૈન એસોસીએશન ઓફ

---

૯. "જૈ. હિ." ૧૯૧૬ પૃ. ૧૮૭-૧૮૮.

ઇન્ડીઆ" દ્વારા એના વિરુધ્ધ કાયદેસર પગલાં લેવાની હિલચાલ શરૂ થઇ ગઇ હતી. જૈનોની "નિર્બલ બુધ્ધિપર", "વિવેકશક્તિની પામરતા" પર, "તલવારોને ત્યજી ત્યારથી કોર્ટદરબાર અને છાપાં-પુસ્તકો દ્વારા બલ બતાવવાની તેમને લાગેલી "વિજયધૂન" પર વાડીલાલને ખૂબ લાગી આવ્યું. રા."ઘનશ્યામ"ને કોઇપણ ભોગે મદદ કરવી એવી એમણે મન સાથે ગાંઠ વાળી. આ પ્રસંગે વાડીલાલે મુનશીને કરેલી મદદની વાત મુનશીના શબ્દોમાં નોંધીએ તો અસ્થાને નહિ ગણાય -

"એક રાતે સદ્ગત વાડીલાલ મોતીલાલ શાહ - વા.મો. શાહના નામે એ પંકાતા - એક મિત્રને લઇ મારી પાસે આવ્યા. એ બહાદુર મનુષ્ય હતા. જૈન ધર્મનો ઇતિહાસ વીર્યવંતો કરવાના એને કોડ હતા. "પાટણની પ્રભુતા" વાંચી, મેં ચીતરેલી જૈનોની મહત્તા પર એ ખુશ થઇ ગયા હતા. જ્યારે કેટલાકોએ મારા પર ફોજદારી કરવાની વાત કરી ત્યારે એમણે વિરોધ કર્યો, અને એમનું ન માન્યું એટલે "ઘનશ્યામ કોણ છે તેની તપાસ કરી મને અભયદાન દેવા આવ્યા. એમણે કહ્યું કે ફોજદારી થશે તો પોતે બચાવના પૈસા આપશે ને પુરાવો પણ લાવી આપશે. આ વાત સાંભળીને મારાં તો હાંજાં ગગડી ગયાં."[૧૦]
મુનશીને આ પ્રમાણે અભિનંદનસહ અભયદાન આપીને વાડીલાલ અટક્યા નહિ. એમણે "પાટણની પ્રભુતા"ની સુંદર સમાલોચના "જૈનહિતેચ્છુ"માં પ્રસિધ્ધ કરી અને જૈન સાધુઓ તથા અંધશ્રધ્ધાળુ શ્રાવકોની ઝાટકણી કાઢવાની તક ઝડપી લીધી. વાડીલાલે જે કહ્યું છે તે અહીં પ્રસ્તુત હોવાથી અવતરણ આપવું ઉચિત ધાર્યું છે -

---

૧૦. કનૈયાલાલ મુનશી: "સીધાં ચઢાણ": પુસ્તક ૨: પૃષ્ઠ ૮૮-૮૯.

" ગુજરાતનું ગૌરવ જૈનોને આભારી હતું એ વાતથી હું તો "અભિમાન" લઉં છું, અને જૈન ધર્મના અર્ધસાધુઓ અર્થાત્ "જતિ" ઓ કે જેઓ પંચ-મહાવ્રતધારી "સાધુ" નહોતા એ મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિના "નાયક" બન્યા હોય એનાથી વધારે આનંદદાયક વધામણી મારે માટે બીજી કઇ હોઇ શકે ? લોકોના છોકરા ઉઠાવી જવા કે ખરીદવા, દોરાધાગા કરી મૂર્ખ સ્ત્રીઓને ફસાવવી, જૈનોમા અંદરોઅંદર કલહના બીજ રોપવા, ઇન્દ્રિયતૃપ્તિમા તલ્લીન રહેવું, એ સર્વ પૂર્વકાળના અને હાલના પણ ઘણાએક જતિઓમા જોવામા આવે તે જૈનોથી સહન થાય, અને ઇન્દ્રિય-સુખોની લેશપણ દરકાર વગરનો, સ્વાર્થથી પર થયેલો મુસલમાનોના વારંવાર થતા હુમલા સામે ગુજરાતને હમેશને માટે ટકાવી રાખવાનો મહામંત્ર સાધવામા અડગપણે લાગેલો, 'જૈન' ધર્મને દેશધર્મ-રાજધર્મ બનાવવાની દિવ્ય "આગ"થી બળતો : એક આનંદસૂરિ આજના જૈનોથી જોઇ શકાતો નથી ! કયાંથી જોઇ શકે ? ઘેટાંથી સિંહ જોયો જાય ?"[11] "પાટણની પ્રભુતા" એ જૈનધર્મને નુકસાન તો કર્યું નથી જ પરંતુ જૈન ધર્મની પ્રભુતા જ જાણે અજાણે લેખકે ચીતરી છે એમ વાડીલાલે પ્રતિપાદિત કર્યું છે. ઉપરાંત મુંજાલ, મીનળદેવી, આનંદસૂરિ વગેરે જૈન પાત્રોની મહત્તાને બિરદાવતા લખ્યું છે કે -

"પોતાના અસાધારણ બુદ્ધિબળથી, રાજપ્રપંચની અલૌકિક શક્તિથી દેશપ્રેમની કદાપિ નહિ બુઝાય તેવી આગથી, રાજ્ય તરફની પૂર્ણ વફાદારીથી, પ્રજાનું હિત કરવાની તીવ્ર જિજ્ઞાસાથી, પોતાના પ્રિય સગાઓના અને પોતાની સત્તાના ભોગે પણ દેશનું રક્ષણ કરવાની અડગ વૃત્તિથી, જળહળી રહેલું મુખ્ય પાત્ર મુંજાલ મંત્રી છે, કે જે એક "જૈન" છે.

---

૧૧. "જૈ. હિ." : ૧૯૧૬ પૃ. ૧૮૮-૧૮૯

ભલભલા ક્ષત્રિયો પણ જેની અદેખાઇ કરે એવી - કદી ન વાળી શકાય એવી - ઇચ્છાશક્તિ (will-power) વાળી રાણી મીનળદેવીનું પાત્ર પણ જૈન છે. "એક ધર્મ સિવાય પ્રજાકીય એકતા નથી અને પ્રજાકીય એકતા વગર સ્વદેશ રક્ષણ સંભવિત નથી" એવો સિધ્ધાંત જેની રગેરગે વ્યાપી રહયો હતો અને એ સિધ્ધાંતની સફલતા માટે જેણે પોતાનાં સુખો, આરામ, કીર્તિ સુધ્ધાંને તિલાંજલિ આપવામાં "મજા"માની હતી તથા સર્વોપરી બુધ્ધિ ધરાવતા મુંજાલ મંત્રી જેવાને પણ જેણે એકવાર થપ્પડ ખવરાવી હતી, એટલું જ નહિ પણ ભવિતવ્યતા (Fate) એ એના પુરુષાર્થ (Effort) ને યારી નહિ આપવાથી થયેલા પોતાના પરાજય વખતે પણ જેણે પોતાનો સિધ્ધાંત તિલમાત્ર બદલ્યો નહિ અને પદવી અને ઇજ્જતની લાલચો સામે જેણે તિરસ્કારયુક્ત હાસ્ય કર્યું, એવા આનંદસૂરિનું પાત્ર પણ જૈન છે. શાન્તુ શેઠ, ઉદો, વગેરે જૈન પાત્રો પણ ગુજરાતની કીર્તિમાં ઉમેરો કરનારાં છે."[૧૨]

વાડીલાલનું "પાટણની પ્રભુતા"નું અવલોકન તટસ્થતાથી થયેલું સૌને લાગે છે. પોતે જૈન હોવા છતાં જૈનોએ કાઢેલા વિરોધના સૂરમાં પોતાનો સૂર ન પૂરાવતાં, પોતાની સ્વતંત્રબુધ્ધિથી સમગ્ર પુસ્તકનો અભ્યાસ કરી એમણે તદ્દન જુદો જ અભિપ્રાય રજૂ કર્યો છે. એટલું જ નહિ એ પુસ્તકનાં બધાં પાત્રો પોતપોતાનાં લક્ષણોને વફાદાર છે એમ કહી પ્રશંસા કરી છે. એમના જ મિત્રો એમને શું કહેશે તેની એમને પરવા નથી. જે સાચું છે, સારું છે તેને જૈનો દ્વારા અન્યાય થઇ રહયો છે, તે એમને ડંખે છે. "પાટણની પ્રભુતા" વિશેના પોતાના વિચારોને સમર્થન આપવા કેટલાક જૈન સાધુઓનાં નમૂનાનાં અવતરણો એમણે રજૂ કર્યાં છે જેમાં

---

૧૨. એજન : પૃ. ૧૮૯-૧૯૦

સાધુઓ રાજકીય ક્ષેત્રે ભાગ લઇ શકે એમ સાબિત કરી શ્રી "ઘનશ્યામે" જૈનોની બદબોઇ નહિ પણ પ્રશંસા જ કરી છે એમ પૂરવાર કરવાનો પ્રયત્ન કર્યો છે.

જૈનપૂર્વાચાર્યોના અભિપ્રાયો અને કેટલાક પ્રસિધ્ધ જૈનોના જીવન-ચરિત્રો તપાસી પ્રાચીન દિગમ્બરાચાર્ય વિદ્યાનંદ સ્વામીએ રચેલા "પાત્રકેસરી સ્તોત્ર"માંથી, દિગમ્બરાચાર્ય શ્રી સોમદેવસૂરિ કૃત સુપ્રસિધ્ધ "યશસ્તિલકચમ્પુ" જેમાં રાજનીતિ, યુધ્ધનીતિ ઇત્યાદિનો ઉપદેશ કરાયેલો છે તેમાંથી અને વાદિચન્દ્રસૂરિ નામના દિગમ્બર જૈનાચાર્યે લખેલા "જ્ઞાનસૂર્યોદય"ના નાટકગ્રંથમાંથી શ્લોકો ટાંકી રા. "ઘનશ્યામ"ને ભયમુક્ત બનાવ્યા છે. અસત્ય અને અન્યાયનો સામનો કરવાનો વાડીલાલનો સ્વભાવ એમના દરેક કાર્યમાં છતો થયા વિના રહેતો નથી. સાથે સાથે એમ પણ કહી શકાય કે એમનાં સઘળાં લખાણો સહેતુક લખાયેલાં છે.

મુનશીની બીજી નવલકથા "પૃથિવીવલ્લભ" ને માટે પણ વાડીલાલે આફરીનતાના ઉદ્ગાર કાઢતાં નોંધ્યું છે કે "હમણાં "પૃથિવીવલ્લભ" નામનું નોવેલ બહાર પડયું છે, જેના નાયકમાં આવી જ નીડરતા, વિલાસપ્રિયતા, નિર્મળતા અને સાથેજ શૌર્ય અને સૌંદર્ય આરોપણ કરી એક આદર્શ મનુષ્યમૂર્તિ ઘડી છે। પૃથ્વીવલ્લભને કેદ કરવામાં આવે છે ત્યાં કેદ કરનારાઓ ઉપર કેદી પ્રતાપ બતાવે છે। ગામમાં ભીખ મગાવવા લઇ જાય છે તો ભિખારી લોકોના હૃદય ઉપર સ્વામીત્વ મેળવે છે। મદમસ્ત હાથીના પગતળે ચગદી નાખવાની તૈયારી થાય છે તે વખતે દિવ્ય તેજથી અને આનંદથી, હાથીની "ખાનદાની"ની તારીફ

ગાતો, પોતે જ તેની સૂઢ આગળ જાય છે અને જાણે મૃત્યુને પણ હસી કાઢતો હોય એવો અલૌકિક ગૌરવભર્યો દેખાવ પોતાના મૃત્યુબાદ દુનિયાને વારસા તરીકે આપે છે! આહ! કનૈયા! તને "સૃષ્ટિ" "રચવા" નો "હક્ક" છે; જૂની સૃષ્ટિ એટલી નિર્માલ્ય થઇ ગઇ છે કે જેનો જર્મનો, રશિયનો કે રાક્ષસો – ગમે તેને હાથે જલદી સંહાર થાય અને તારાં રચેલાં પૂતળામાંથી સૃષ્ટિ ફરી વસાય, એ સ્વપ્ન મને બહુ મીઠું લાગે છે."[13] મુનશીનાં પાત્રોનાં સર્જનમાં વાડીલાલને નિત્શેના 'Superman' ના ગુણો પ્રતિબિંબિત થતા લાગતા હોવાથી એ ખૂબ પ્રભાવિત થઇ ગયા છે. પૃથિવીવલ્લભના જેવું વ્યક્તિત્વ દરેક વ્યક્તિનું હોવું જોઇએ તોજ દેશની પ્રગતિ શક્ય છે એમ તેઓ કહે છે.

"પાટણની પ્રભુતા"ના અવલોકન જેવું બીજું સુંદર અવલોકન વાડીલાલે કવિશ્રી ન્હાનાલાલના "જયા-જયન્ત"નું કર્યું છે. આ અવલોકન અતિસંક્ષિપ્ત હોવા છતાં ન્હાનાલાલને તેઓ સુયોગ્યરીતે બિરદાવી શક્યા છે – "જયા-જયન્ત"ની કલ્પનાને ધારણ કરનાર ગગનવિહારી આત્માને ન્હાના લાલ નામથી સંબોધવામાં મોટો દોષ કરવાનો ભય રહે છે. અને માટે યથાર્થ નામ શોધવું મુશ્કેલ છે; કારણકે એ આત્મામાં પુરુષની મરદાનગીની તેમજ સ્ત્રીની કોમળતા, ગુપ્ત દૃષ્ટા(mystic) ના મર્મ તેમજ સુધારકનાં અટ્ટહાસ્ય, યોગીનો એકાંત વિહાર તેમજ ગૃહસ્થનું ઉદાર આતિથ્ય : એ સર્વ દ્વંદ્વોનો સુ-યોગ્ય સંયોગ છે. એ વાંસળીનો ધ્વનિ અનોખો (unique) છે. એની કલ્પનાસૃષ્ટિ પર ટીકાટિપ્પણી કરી એના આત્માને બેડોળ બનાવવાનું સાહસ મારાથી દૂર હો! હું તો એટલુંજ કહીશ કે એનું ભાષાન્તર દરેક ભાષામાં થવું જોઇએ છે અને દરેક વ્યક્તિએ તે કલ્લોલ

---

૧૩. "જે. હિ.: ૧૯૨૧: પૃ. ૬૯.

એકવાર તો ઝીલવા જ જોઇએ."[14]

વા.મો.શાહ ફક્ત ગ્રંથોનાં જ અવલોકનો કરી વિરમ્યા નથી કેટલાક સામયિકપત્રોની સમાલોચનાઓ પણ એમણે લખી છે. ગાંધીજીના "નવજીવન"ના અંકમાં રજૂ થતા વિચારો, ઉપદેશ અને ટીકાશૈલી પોતાના વિચારોને મળતી આવતી હતી એમ અનુભવવાથી એમણે બેધડકરીતે જાહેર કર્યું હતું કે - "મહાત્મા ગાંધીનું આ વાજિંત્ર ઘણું કામ બજાવી શકશે અને દિગ્વિજય કરશે એમાં મને લેશમાત્ર શંકા નથી."

" નવજીવન ગુજરાતના દરેક ઘરમાં જવું જોઇએ. વોલંટિયરોએ કોઇની પાસેથી બેચાર પ્રતના પૈસા મેળવીને પણ ઇચ્છા વગરના કુટુંબોમાં તે વિનામૂલ્યે પહોંચાડી રસ ઉપજાવવાનો પ્રયાસ કરવો જોઇએ. દરેક સ્ત્રીએ તેનો પતિ જો પત્ર ખરીદવા જેટલી ઉદારતા કરવા ના કહે તો રેંટિયો કાંતીને પણ આ પત્ર ખરીદવું જોઇએ અને તેને પોતાના પતિ અને પુત્ર-પુત્રીઓના હાથમાં મૂકવું જોઇએ; કારણકે "નવજીવન"એ ભાવિ હિંદનો દૂત છે, આજના હિંદનો કવિ છે, એ યુવાનોનો મિત્ર છે, સ્ત્રીઓની સખી છે, વૃધ્ધોનું પૌષ્ટિક ઔષધ [ટોનિક] છે, કારીગરોનો બચાવનાર છે અને નાણાવાળાનો રાહબર છે."[15] આ ઉપરાંત "નવજીવન પત્ર શુધ્ધ, સરળ અને અસરકારક ગુજરાતી ભાષા શિખવનાર શ્રેષ્ઠ શિક્ષકની પણ ગરજ સારી રહયુ છે. બુધ્ધિનો નહિ પણ આત્માનો ફૂંફાટો હોઇ એમાં અલૌકિક "તાકાદ"છે".[16] એમ કહી એ પત્રની પ્રશંસા કરી છે. ગાંધીજીના અંતરના ઊંડાણમાંથી પ્રેરણા પામતું

---

૧૪. "જે.હિ.":૧૯૧૯ નવેમ્બર થી ૧૯૨૦ જૂન :પૃ.૨૨૮.

૧૫. "જે.હિ.૧૯૧૯:સપ્ટેમ્બર:પૃ.૧૪૧ અને "વા.મો"શાહનું રાજકારણ": પો.૨૧૯.

૧૬. "જે.હિ.":૧૯૨૧: પૃ.૧૪૩ અને "વા.મો.શાહનું રાજકારણ: પૃ.૨૨૦.

"નવજીવન" પત્ર સત્ય રજૂ કરતું હોવાથી વધુ અસરકારક પરિણામો લાવી શકે એવી તાકાદ ધરાવતું હતું તે સમજાવવા વાડીલાલે નોંધ્યું છે કે -

" નવજીવન પત્રમાં ગાંધીજીની સહીથી આવતા લેખો કોઇ મનુષ્યના નથી, નથી કોઇ પંડિતના; કોઇ દૈવી શક્તિનો ઊભરો છે તે, સ્યાદ્વાદ જેની પ્રકૃતિમાં અજાણપણે ભર્યું પડ્યું છે તેવા કોઇ મહાવીરનો સ્વાભાવિક (instinctive) "વિલાસ" છે તે. તેમના એક એક વાક્યમાં શક્તિનો નાચ છે; સાથે જ વળી બુદ્ધિના ચમત્કાર ભર્યાં પડ્યા છે; "લાગણી"ને તો તે નચાવી જ રહ્યા છે. ખૂબી ત્યાં છે કે આ બધું "અજાણતાં" (unconsciously- without an effort) થાય છે. બુદ્ધિના રાજ્યમાં વસનારથી આમાંનું કાંઇ બની શકે જ નહિ; આ તો will ની "લીલા" છે। કોઇ હજી સમજે અધ્યાત્મશાસ્ત્ર!"[17] મહાત્મા ગાંધીજીના પત્રથી પ્રભાવિત થઇ વા.મો.શાહે ઉપર્યુક્ત અભિપ્રાય આપ્યો હોય.

દત્તાત્રેય કૃત "અવધૂતગીતા"ના ચાલીસેક શ્લોક આપી જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં વાડીલાલે વિવેચન કર્યું છે. જે લખાણ પોતાની દૃષ્ટિએ શ્રેષ્ઠ લાગે તેની મુક્તકંઠે પ્રશંસા કરતાં એમણે ક્ષોભ અનુભવ્યો નથી. "અવધૂતગીતા"ના શ્લોકોને જીહવાગ્ર કરી વાગોળવાનું સૂચન કરતાં એમણે નીચે પ્રમાણે કહ્યું છે -

"અહીં ફરી ફરીને કહી લેવાની જરૂર જોઉં છું કે એકવાર પાઠ કરી જવાથી કે એક દિવસમાં વીસવાર પાઠ કરીને છોડી દેવાથી કાંઇ અડોલ "સ્થિતિ પ્રાપ્ત થતી નથી. મહિનાઓ સુધી નિરંતર, અને બની શકે તો એક મુકરર કરેલે સમયે : તેમાં પણ બની શકે તો પ્રભાત

---

૧૭. એજન: પૃ. ૧૪૪; એજન: પૃ. ૨૨૦.

અને સંધ્યા સમયે: આઠ આઠ વખત શ્લોકોનું રટન કરવામાં આવે, તે પણ એકાન્ત સ્થાનમાં [બની શકે તો નદી, સરોવર કે પહાડ કે બગીચા જેવા સ્થાને] તો આ શબ્દોમાં રહેલો ભાવ જ્ઞાનતંતુઓ પર સ્થાયી અસર ઉપજાવી શકે છે અને લાંબે કાળે "અંત:કરણ" બદલાઇ નીડર મસ્ત આનંદી ખાસિયતવાળું બને છે."[18] વાડીલાલના ઉપર પ્રમાણેના પ્રશંસા-ભર્યા ઉદ્ગારો સાંભળી સહજ એમ થાય કે એમણે પુસ્તકની જાહેરાત કરવા ધાર્યું છે કે શું? એટલું ચોક્કસ કે એમણે જાહેરાતના ઉદ્દેશથી અવલોકનકાર્ય કર્યું નથી છતાં કેટલાક શ્રેષ્ઠ પુસ્તકોની સમાલોચના કરતાં કરતાં જાણે-અજાણે એમનાથી જાહેરાત થઇ ગઇ છે. "જૈન અખા"તરીકે ખ્યાતિ પામેલા મુનિશ્રી ખોડાજીનાં "ખોડાજી કાવ્યમાળા"નાં કેટલાક કાવ્યોનું એમનાં ચાબખાં, હોરી, ફાગ વગેરેનું સંક્ષેપમાં કરેલું પ્રશંસાત્મક વિવેચન પણ ઉપર્યુક્ત કથનની સાક્ષી પૂરે છે. "નાથબિન બિગરી કૌન સુધારે?"[19] કાવ્યનો રસાસ્વાદ પૃથક્કરણાત્મકરીતે વિશદતાથી એમણે કરાવ્યો છે. એમનું મંતવ્ય છે કે "લેખક બનવા માટે જુદા જુદા વિષયોનું જ્ઞાન અને મંતની જરૂર છે, તેમ કવિ કહેવડાવવા માટે કુદરતી કાવ્યશક્તિ અને જુદા જુદા કવિઓનો અભ્યાસ: એ બે સાધન અવશ્ય જોઇએ."[20] કવિ કહેવડાવવા માટે તો બીજાં ઘણાં લક્ષણો આવશ્યક છે પરંતુ એ ચર્ચામાં ન ઉતરતાં વાડીલાલે કરેલાં વિવરણ તપાસીએ. દરિયાપુરી સંપ્રદાયના મુનિશ્રી હર્ષચન્દ્રના કાવ્યમાં કાવ્યતત્ત્વ ઘણું ઓછું જણાય છે અને સમજવા-માં અતિ સરળ છે છતાં માનવહૃદયને સ્પર્શી જતું હોવાથી એ કાવ્યથી પ્રભાવિત થઇને, કાવ્યની ગુણવત્તાના પ્રમાણમાં વાડીલાલે એનું રસદર્શન

---

૧૮. "જૈ. હિ.": ૧૯૨૧: પૃ. ૯૫.
૧૯. "જૈ. હિ.": ૧૯૦૬: ડિસેમ્બર: પૃ. ૨૩૮-૨૪૮.
૨૦. "જૈ. હિ.": ૧૯૦૪: સપ્ટેમ્બર: પૃ. ૧૫૫.

અત્યંત ઉમળકાથી કરાવ્યું છે. એની દરેકે દરેક પંક્તિનું એમણે ભાવયુક્ત વિવરણ કર્યું છે.

"કાંઇ પ્રવૃત્તિ બાહ્ય નિવારો
ભલા થઇ ભ્રાત! સાંભળો આજે રે."[21]

આ પંક્તિને સમજાવતાં એમણે કહ્યું છે કે – "પ્રવૃત્તિમાં જ ગભરાટ છે. પ્રવૃત્તિમાં જ મૂંઝવણ છે, પ્રવૃત્તિમાં જ થાક છે. પ્રવૃત્તિમાં જ આત્મિક મૂડીનું ખર્ચ છે. એ પ્રવૃત્તિ નિવારીશ તો આત્માનો સ્વભાવ આપોઆપ પ્રકાશી ઊઠશે." બહારની પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ મેળવો તો જ આત્મદર્શન શક્ય બને એમ કહેવાનો વાડીલાલનો આશય છે તો –

"પૂર્ણ પ્રેમ જમાવ તું એમાં,
ભલા થઇ ભ્રાત! સાંભળો આજેરે."

ને સ્પષ્ટ કરતાં પ્રેમની ફિલસૂફીની વાત કરી છે. – ""પ્રેમ એ જાદુઇ કર્ડુ છે કે જે વડે દુ:ખી દુનિયાને સુખી સ્વર્ગના રૂપમાં ફેરવી શકાય છે. જેટલે અંશે માણસમાં સાચો પ્રેમ – અહં" સિવાયનો પ્રેમ પેસતો જાય છે તેટલે અંશે તે "પ્રભુ" બનતો જાય છે. "સંપૂર્ણ પ્રેમ" એ જ મોક્ષ – એજ પરમેશ્વરતા. જેઓમાં "પ્રેમ"નથી તેમનામાં "પરમેશ્વર"નથી; અને જેમનામાં "પરમેશ્વર"નથી તેમનામાં શક્તિ, બુધ્ધિ , તંદુરસ્તી કાંઇ જ નથી, એટલે તેઓ દુ:ખી જ છે."[22] આમ પોતાના વિચારસામર્થ્ય વડે દરેક પંક્તિનું એમણે મૂલ્યાંકન કર્યું છે.

કવિશ્રી દયારામના "ભિક્ષુક લક્ષ્મીપતિ"[23] શીર્ષકવાળા કાવ્યની સમાલોચના કરી કાવ્યના ગૂઢાર્થને સ્પષ્ટ કરતી વ્યવસ્થિત છણાવટ કરી છે. "દુનિયામાં કેટલાક પુરુષો "ધનવંત" છે અને કેટલાક "ભિક્ષુક"

---

૨૧. "જે. હિ.": ૧૯૦૮: જાન્યુઆરી: પૃ. ૨૮૧–૨૮૭.
૨૨. એજન.

છે એ તો સર્વ જાણે છે; પણ કેટલાક "ધનવંત ભિક્ષુક" છે અને કેટલાક "ભિક્ષુક લક્ષ્મીપતિ" છે એ કદાચ ઘણા લોકોથી અજાણી વાત હશે."[૨૪] "ધનવંત ભિક્ષુક" કોને કહેવા અને "ભિક્ષુક ધનવંત" કોને સમજવા તે તર્ક-બદ્ધ દલીલો સહ પોતાના કેટલાક અંગત અભિપ્રાયો આપી સમજાવ્યું છે.

શ્રી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયના 'चौबे का चिट्ठा'[૨૫] નું અવલોકન વાડીલાલે વિસ્તારથી કર્યું છે. આ મહાનિબંધના આગળના પ્રકરણમાં એનો ઉલ્લેખ સવિગત આવી ગયો હોવાથી[૨૬] અહીં પુનરુક્તિ ટાળી છે.

વા.મો.શાહનું વાંચન વિશાળ હતું. એમનો અભ્યાસ ફક્ત ગુજરાતી સાહિત્ય પૂરતો મર્યાદિત નહોતો. ફ્રેડરિક નિત્શે તો એમનો આરાધ્ય ફિલસૂફ હતો. ઝાલાવાડ નરેશ મહારાજાધિરાજ સર ભવાનીસિંહ બહાદુર લિખિત "સર્વિયાકા ઇતિહાસ"[૨૭]નું મૂલ્યાંકન તત્સંબંધી અવતરણો નોંધીને એમણે કર્યું છે. એક રાજાની કલમથી લખાયેલા એ પુસ્તકનું મહત્ત્વ સમજાવવામાં વાડીલાલે પાછી પાની કરી નથી. તો શ્રી ચંપતરાય જૈનના 'the Key of the knowledge'.[28] નું અવલોકન કરતાં એમણે જે લખ્યું છે તે નોંધ-પાત્ર હોવાથી નીચે આપવું ઉચિત ધાર્યું છે –

"A very useful book for a comparative study of religion. No English-knowing Jain has ever attempted to gather such a mass of information on religious and philosophical subjects... His book contains numerous - perhaps too numerous - allusions to the Bible, some to Jain and Hindu shastras, and not a few to

---

૨૪. એજન.
૨૫. "જૈ. હિ."૧૯૧૪: સપ્ટેમ્બર: પૃ. ૭૬૮.
૨૬. પ્રસ્તુત મહાનિબંધ : પૃ - ૧૩૭
૨૭. "જૈ. હિ.": ૧૯૧૭ જૂન : પૃ. ૨૫૫–૨૬૬.
૨૮. "જૈ. હિ."૧૯૧૬: પૃ. ૯૭–૯૯.

works on psychology and philosophy. I have not the slightest doubt that to the majority of Christians and Mehomedans, Jains and Hindus, this book will do immense good, though the deep Vedantist, the real Jainof the निश्चयनय school and the instinctive follower of the great Friedrich Nietzsche will not find much in it that would improve, enlighten, strengthen or ennoble them. That eagle-view, however, is not, meant for the 'many, too many, for the 'sheep'."[29]

વાડીલાલે સામાન્ય જનસમુદાયને માટે વારંવાર 'sheep'-"ઘેટા" શબ્દ વાપર્યો છે જે સાંભળનાર વ્યક્તિને અરુચિકર લાગે એ તદ્દન સ્વાભાવિક છે. વાડીલાલની અપ્રિયતાના કારણોમાં એમની પુણ્ય પ્રકોપી છતાં કટુ-બરછટ વાણીએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે એમ લાગ્યા વગર રહેતું નથી.

વાડીલાલે જૈન મુનિઓની કૃતિઓને પણ બિરદાવી છે. મુનિઓના દૂષણો તરફ અંગુલિનિર્દેશ એમણે વારંવાર કર્યો છે છતાં એમના સત્કાર્યોને બિરદાવવા જેટલી તટસ્થતા તેઓ દાખવી શક્યા છે. સુધારક વિચાર-સરણી ધરાવતા મુનિશ્રી નાનચંદજીના વ્યક્તિત્વથી વાડીલાલ પ્રભાવિત થયા હતા તેથી એમની "સુબોધ સંગીતમાળા : ૧-૨" અને "સુબોધ કુસુમાવલિ"માં દર્શાવાયેલા મુનિશ્રીના ઉદાર વિચારો તથા શુદ્ધ ભાષા-ને એ કૃતિઓનું અવલોકન કરતી વખતે બિરદાવી છે. એમાં ક્યાંય વિરોધનો સૂર સંભળાતો નથી. ઉપરાંત એમ પણ નોંધ્યું છે કે -"કેટલાક ટૂંકા વાક્યો તો દીવાલ ઉપર તેમજ હૃદયમાં કોતરી રાખવા જેવા છે. મુનિશ્રીના આવા વ્યવહારુ પગલા માટે ધન્યવાદસિવાય બીજું શું ઉચ્ચારી શકાય ?"[30]

---

૨૯. એજન : પૃ. ૯૭

૩૦. "જૈ. હિ." ૧૯૧૪ : સપ્ટેમ્બર-ઓકટોબર : પૃ. ૭૬૫

મુનિશ્રી સવજી મુનિના "એક મુનિને પાછળથી આવેલી સાન"[31] શીર્ષકવાળા નાનકડા પ્રભુસ્તવનથી પ્રભાવિત થઇ એના તો શબ્દેશબ્દના અર્થ રજૂ કરી તલસ્પર્શી અવલોકન આપ્યું છે. પ્રથમ મુનિએ પોતાની અજ્ઞાન દશાનું ચિત્ર આલેખ્યું છે પછી જ્ઞાન કેવી રીતે થયું તે બતાવ્યું છે અને જ્ઞાન પામતાં જ શું પરિવર્તન થયું તે દર્શાવ્યું છે.

આ બધા ઉપર્યુકત અવલોકનો નિહાળતાં એક વાત જરૂર કહી શકીએ કે જેમના વિચારો વાડીલાલના વિચારો સાથે સામ્ય ધરાવતા હોય તે કૃતિઓની સમાલોચના તેઓ ખૂબ વિસ્તારથી કરતા અને જેમાં એમના વિચારો સાથે સંઘર્ષ પામતા વિચારોની રજૂઆત થઇ હોય, તેની ઝાટકણી કાઢવામાં તેઓ બાકી ન રાખતા; તેથી એમનાં વિવેચનો સાવ પૂર્વગ્રહરહિત હતાં એમ તો ન કહી શકાય પરંતુ સારા-માઠાને પારખવાની વિવેકશકિત એમનામાં પ્રશંસાપાત્ર હતી. હલકા વિચારો રજૂ કરતા, સમાજને નુકસાન કરતા ગ્રંથોને તેઓ પ્રોત્સાહન તો નહોતા જ આપતા ઉપરાંત એવા જોરદાર શબ્દોમાં વખોડી કાઢતા કે એ ગ્રંથનો લેખક ફરીથી એ પ્રકારનો ગ્રંથ લખતાં અને પ્રસિધ્ધ કરતાં ગભરાય.

વાડીલાલ એમને અવલોકનાર્થે મળતાં પુસ્તકોનું જ અવલોકન કરતા એમ નહોતું. પોતાને યોગ્ય લાગે તે પુસ્તક ખરીદીને વાંચ્યા બાદ તે પરત્વેના પોતાના વિચારો પ્રદર્શિત કરવાની તેમની રીત હતી. એવાં કેટલાય પુસ્તકો આપમેળે ખરીદીને એમણે એનાં અવલોકનો રજૂ કર્યાં છે. દા.ત. 'Nature's Finer Forces' શીર્ષકવાળું પુસ્તક શ્રીયુત રામપ્રસાદે લખ્યું છે અને લંડનની થિયોસોફિકલ પબ્લીશીંગ સોસાયટીએ પ્રગટ કર્યું છે. એની સમીક્ષા કરતાં વાડીલાલે જણાવ્યું છે કે-

---

31. "જૈ. હિ." ૧૯૧૧ : માર્ચ : પૃ. ૧૩-૧૮

"આ પુસ્તક કાંઇ "રિવ્યુ" માટે મને કોઇએ મોકલ્યું નથી; પરંતુ ખરીદીને વાંચવાને પરિણામે એનું ઓળખાણ મારા વાચકને કરાવવાની મારી ફરજ છે એમ મને લાગ્યું. એમાં શરીરના બંધારણ ઉપર, પ્રાણશક્તિ ઉપર, મન ઉપર, યોગ ઉપર, સ્વરોદય ઉપર ઘણો સારો અને સાયન્ટિફિક પ્રકાશ નાખવામાં આવ્યો છે. અંગ્રેજી જાણતા અને આત્મશક્તિ વધારવા ઇચ્છતા દરેક મનુષ્યે અધ્યયન કરવા યોગ્ય પુસ્તક છે. આવું એક પણ પુસ્તક જૈનોમાં લખાયેલું મેં જોયું કે સાંભળ્યું નથી."[32]

બાબુ પુરનચંદ નાહાર લિખિત "An Epitome of Jainism"[33] ના હજાર પૃષ્ઠવાળા દળદાર અંગ્રેજી પુસ્તકને "જૈન ધર્મની એનસાઇક્લોપીડીઆ" કહી બિરદાવ્યું છે તો રા. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણીએ રવીન્દ્રનાથ ટાગોરના અંગ્રેજી પુસ્તકનો અનુવાદ "સર રવીન્દ્રનાથ ઠાકુરનાં સંસ્મરણો" માં કર્યો છે તેને બિરદાવતાં નોંધ્યું છે કે - "એમાં તો "એશિયાના રાજકવિ"નું આત્મકથન છે, કવિતા શક્તિના પોતાના વિકાસનો ઇતિહાસ છે, જીવનને લગતા અનેક ભેદોનો સુંદર ચિતાર છે. એની ભાષા ઠાવકી, કાવ્યમય અને સ્થળે સ્થળે રમૂજી પણ છે."[34]

શ્રીયુત દેવેન્દ્રપ્રસાદ મુખોપાધ્યાયના બંગાળી ગ્રન્થ "આદર્શ સુધારક દયાનન્દ"નો[35] ગુજરાતી અનુવાદ જાણીતા સાક્ષર શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરીએ કર્યો છે તેને વિશે વાડીલાલે પ્રશંસાયુક્ત વાણી ઉચ્ચારી છે. દયાનન્દને એમણે "મહા-પુરુષ" (superman) ગણાવ્યા છે.

---

૩૨. "જૈ. હિ." : ૧૯૧૯ : ઓક્ટોબર : પૃ. ૫૭

33. એજન, પૃ. ૪૯

૩૪. એજન : પૃ. ૫૫

૩૫. જૈ. હિ. : ૧૯૧૯ : ઓક્ટોબર : પૃ. ૩૫-૪૨

દયાનન્દનાં કાર્યોનું મૂલ્યાંકન કરતાં એમણે ઉમેર્યું છે કે –

" આ દેશમાં – આ કાળમાં ધર્મ અને સંસાર-સુધારાને લગતા ઉપદેશ અને હિલચાલ કરનારી વ્યક્તિઓ પૈકી જો કોઇ વ્યક્તિ એવી હોય કે જેના સંબંધમાં વધારેમાં વધારે ગેરસમજ થવા પામી હોય, જેણે વધારેમાં વધારે કડવાશ ઊભી કરી હોય અને વધારેમાં વધારે કડવાશ ચાખી હોય, તો તે દયાનન્દ જ છે; અને એટલી હદની ગેરસમજ અને કડવાશ એ જ અસાધારણ વ્યક્તિત્વનાં ખાસ લક્ષણ છે: જેની પ્રવૃત્તિ ગેરસમજ ઉત્પન્ન ન કરે, પ્રત્યાઘાત ઉત્પન્ન ન કરે, તે વ્યક્તિ અસાધારણ કે મહત્તાવાળી હોઇ શકે જ નહિ."[36] ....................

---

36. વાડીલાલની મહા-પુરુષની વ્યાખ્યા સાથે ફ્રેડરિક નિત્શેની વ્યાખ્યા સરખાવો –

"A great man, - a man whom Nature has built up and invented in a grand style - what is such a man? First, in his general course of action, his consistency is so broad that owing to its very breadth it can be surveyed only with difficult, and consequently misleads; he possesses the capacity of extending his will over great stretches of his life, and of despising and rejecting all small things, whatever most 'beautiful' and 'divine' things of the world there may be among them. Secondly he is colder, harder less cautious and more free from the fear of the 'public opinion'; he does not possess the virtues which are compatible with respectibility and with being respected, nor any of those things which are counted among the 'Virtues of the herd'. If he is unable to lead, he walks alone; he may then perchase grant

"દયાનન્દે જો મિથ્યાત્વીઓ (heretics) ની અને સ્વાર્થીઓની તથા ઊંઘણસીઓની ચામડી ન ચચરાવી હોત, ઉગ્ર અને કટુ બનવાની જો તેમનામાં લાયકાત ન હોત, સુરંગો ઉડાડી ટેકરા દૂર કરી રસ્તા બાંધવા જેવી સખ્તાઈ ન ધારણ કરી હોત, તો આજે હિંદુ સમાજસુધારણા કે રાજકીય જાગૃતિ એમાંનું કંઈ નજરે પડ્યું ન હોત. હું એમને એક મહાપુરુષ કહું છું તે કંઈ એમના પાંડિત્ય ખાતર કે

---

at many things which he meets on his way. Thirdly, he has no 'compassionate' hearer but servants, instruments; in his dealings with men, his one aim is to make something out of them. He knows that he cannot reveal himself to anybody: he thinks in 'bad taste' to become familiar; and as a rule he is not familiear when people think he is. When he is not talking to his soul, he wears a mask. There is a loneliness within his heart which neither praise nor blame can reach, because he is own judge from whom is no appeal ....." "જે. હિ.": ૧૯૧૯: ઑક્ટોબર: પૃ. ૩૯-૪૦.

એમની ભાષાની શુદ્ધિ અને લાલિત્ય માતર નહિ એ ચીજોના બહુમૂલ્ય માટે મને શંકા છે પણ એમની અસાધારણ આત્મશ્રધ્ધા, વાઘની ચામડી-માં છુપાયલા ઘેટા તુલ્ય "લોકવર્ગ"ને instinct ની પિછાનવાની તેમની શકિત, હજાર માથાવાળા સેતાનરૂપ લોકમતને છૂંદવાનું તેમનું પરાક્રમ, ભયો અને જોખમોમાં ચાહીચાલીને ઝીપલાવવામાં એમને પડતી "મજાહ" રાજ દ્વારી પરિસ્થિતિઓને પિછાની લઇ ધર્મમાર્ગે સમાજરક્ષા કરવાની "કળા" વાપરવાનું એમનું દીર્ઘદર્શીપણું દેરા-અપાસરા--મઠ-મંદિર અને યજ્ઞસ્થળમાં ગોંધાઇ રહેલા હિન્દુજીવનને રાષ્ટ્રીય ચળવળના ખુલ્લા મેદાનમાં ખેંચી આણવાની એમની કુનેહ,જડવાદી બની ગયેલા હજારો હિંદીઓમાં ચૈતન્ય, ધર્મભાવના અને દેશપ્રેમ રગે રગે પ્રેરવાની એમની શકિત, દુશ્મનોને પણ એક દ્દષ્ટિપાત માત્રથી નીચી આંખો ઢળાવનારું એમનું આત્મતેજ, પૈસા તેમજ લોકપ્રિયતા બંનેની નિર્મા-લ્યતા જાણી શકે એવું એમનું માનસશાસ્ત્રવિષયક જ્ઞાન : આ સર્વને લીધે જ મને તેમને માટે બહુમાન છે, જો કે હું અદ્યાપિપર્યંત સમાજીસ્ટ બન્યો નથી."[37]

વાડીલાલની ઉપર્યુકત પ્રલંબ વાકયરચના સૌથીપ્રથમ ધ્યાન ખેંચે છે. પ્રલંબ વાકયનો (periodic sentence) વારંવાર થતો ઉપયોગ એ "વા.મો.શાહ શૈલી"ની વિશિષ્ટતા છે. વિચારો કે શબ્દો એમને શોધવા જવા પડતા નથી પરંતુ વિષયને અનુરૂપ વાણી તેઓ ઉચ્ચારી શકે છે. વિવેચકનું સૌથી મહત્ત્વનું લક્ષણ નીડરતા છે જે વાડીલાલમાં નજરે પડે છે. દયાનન્દને "સુધારક" કહેવાને બદલે "મહાપુરુષ, સમાજ-સ્ત્રષ્ટા, નેતા" કહેવાનું એમને વધુ ઉચિત લાગ્યું છે. નિત્શેના "મહા-પુરુષ" વિશેના વિચારો જાણ્યા પછી એમ જરૂર કહી શકાય કે

---

૩૭. "જૈ. હિ." : ૧૯૧૯ : ઓકટોબર : પૃ.૩૭

વાડીલાલના માનસનું માળખું નિત્શેની ફિલસૂફી ઉપર જ વિશેષતઃ આધારિત હતું. કનૈયાલાલ મુનશી પહેલાં નિત્શેના અભ્યાસી વાડીલાલ-ને આપણા ગુજરાતી સાહિત્યમાં ઐતિહાસિક દૃષ્ટિએ જે સ્થાન અપાવું જોઇએ તે અપાયું નથી. "સુપરમેન"ની વાત થાય ત્યારે મુનશીના પુરોગામી વાડીલાલને વિસરવા ન જોઇએ.

વિવેચનસાહિત્યમાં પ્રદાન નોંધાવતા વા.મો.શાહે મોટાભાગના ગ્રન્થો પર પશંસાનાં પુષ્પો જ વેર્યાં છે એમ નથી. હલકી કક્ષાના ગ્રન્થોની ટીકા કરી એના લેખકોની ઝાટકણી કાઢી સાચી વસ્તુ-સ્થિતિનું સમાજને ભાન કરાવવાના પ્રયત્નો કર્યા છે. એવા ટીકાત્મક ગ્રંથાવલોકનો પણ અહીં નોંધવા જરૂરી લાગે છે.

પૃષ્ઠે પૃષ્ઠે અને પ્રસંગે પ્રસંગે જો કોઇ પુસ્તકની વાડીલાલે ટીકા કરી હોય તો તે "શ્રી શ્રીપાલ ચરિત્ર" છે.[38] શ્વેતામ્બર અને દિગમ્બર સંપ્રદાયોમાં ખૂબ જ આદરપૂર્વક વંચાતા આ ગ્રન્થની જાણ થતાં વાડીલાલે એની સવિસ્તર સમાલોચના કરતાં જણાવ્યું છે કે –

" પુસ્તકનું વસ્તુ જોતાં,એમાંનો ઉપદેશ જોતાં,આવાં પુસ્તકો મને વિનામૂલ્ય આપવા સાથે ઉપરથી સારી રકમ તે વાંચવાના શ્રમના બદલા તરીકે આપવામાં આવે તો પણ હું તે વાંચવા ખુશી ન થાઉં. એક જાહેરવ્યકિત તરીકે જ્યારે, આ પુસ્તકનું "અવલોકન" કરવાની ફરજ મારે શિર આવી પડી ત્યારે સાંગોપાંગ વાંચ્યા સિવાય અવલોકન લખી શકાય નહિ એ પવિત્ર કાનૂનના પાલન ખાતર, મારે તે ઇચ્છા

---

38. "જૈ. હિ." : ૧૯૧૪ : સપ્ટેમ્બર–ઓકટોબર : પૃ.૭૩૬–૭૬૨

Smt. HANSA MEHTA LIBRARY 551 THE M. S. UNIVERSITY OF BARODA

વિરુધ્ધ વાંચવું પડ્યું છે, અને જેઓ મારા વિચારને મળતા થઇ શકતા હોય તેવાઓનો આવાં પુસ્તકો-નિર્માલ્ય રાસો-વાંચવામાં અમૂલ્ય સમય બરબાદ જવા ન પામે, એટલા માટે વિસ્તારથી અવલોકન લખવાની અગત્ય સ્વીકારી છે."[39]

"વિવેચન"ની બાબતમાં વાડીલાલના વિચારો બહુ જ સ્પષ્ટ છે. એ માટેના એમના નિયમો જુદા જ છે. તેઓ માને છે કે કોઇપણ ગ્રંથનું વિવેચન તેની ઉપયોગિતાની દૃષ્ટિએ થવું જોઇએ, નહિ કે તેની ભાષા--શૈલી વગેરેની દૃષ્ટિએ. ઉપયોગિતાની દૃષ્ટિએ હલકું, કલિષ્ટ, નુકસાનકારક પુસ્તક, ભાષા-શૈલીની દૃષ્ટિએ ગમે તેટલું ઉત્કૃષ્ટ પ્રકારનું હોય તો તે નકામું છે. "શ્રી શ્રીપાલ ચરિત્ર"ની ભાષા સંબંધે એમને કંઇ વિશેષ ફરિયાદ નથી. એમાં વપરાયેલા અલંકારોની તો મુક્તકંઠે પ્રશંસા કરી છે પણ " એ અલંકાર, ઘરેણું જે પ્રાચીન કવિઓનું સર્વસ્વ હતું તે ઘરેણું" આ પુસ્તકમાં "કાન તોડનારું ઘરેણું" હોવાથી ઇચ્છનીય નથી "જે સુંદરતા પ્રાણ હરે તેને કયો બુધ્ધિમાન સ્વીકારશે, એમ જણાવી "શ્રી શ્રીપાલ ચરિત્ર" ના કથાવસ્તુમાં ડગલે ને પગલે નજરે પડતી ત્રુટિઓ તરફ વાડીલાલે અંગુલિનિર્દેશ કર્યો છે. આવી ત્રુટિઓ ફક્ત જૈન રાસોમાં જ છે એમ નથી પરંતુ બ્રાહ્મણોની ઘણીય પ્રાચીન કથાઓમાં જોવા મળે છે. કથાલેખકનો નાયક સર્વગુણસંપન્ન હોય, નીડર, સાહસિક, બહાદુર હોય, એની બૂમથી હજારો માણસો થરથર કાંપે અને એ જ્યાં જાય ત્યાંના રાજાની કુંવરીને આકસ્મિકરીતે પરણે, આવાં અતિશયોક્તિભર્યાં લખાણો પુરાણકથાઓમાં વારંવાર જોવા મળે છે. શામળની વાર્તાઓમાં પણ

---

૩૯. અંજન : પૃ. ૧૩૭

કથાનાયકોનાં સાહસોની ખોટી ઝલક આપણને ઘણીવાર દેખાય છે. વાસ્તવિકતા એ પ્રસંગોથી ઘણી વેગળી હોય છે. "શ્રી શ્રીપાલ ચરિત્ર" ની વાર્તા આવી અતિશયોક્તિભરી જ છે.

શ્રીપાલ રાજાને મૈનાસુંદરી નામે પ્રથમ પત્ની હતી જેણે રાજાને જીવતદાન આપ્યું હતું. ત્યારબાદ વેપારધંધાર્થે પ્રવાસે નીકળેલા શ્રીપાલ રાજાએ માનવામાં ન આવે એવાં પરાક્રમો કરતાં કરતાં રયનમંજુષા, ગુણમાલા, ચિત્રરેખા, ઉપરાંત કંચનપુર નગરના વજ્રસેન રાજાની વિલાસમતી વગેરે ૯૦૦ કન્યાઓ, કંકુપુરના યશસેન રાજાની શૃંગારગૌરી વગેરે ૧૬૦૦ કન્યાઓ સાથે લગ્ન કર્યાં હતાં. આટલીબધી કન્યાઓ સાથે નાયકને લગ્ન કરતો જોઇને વાડીલાલ તો અકળાઇ જાય છે. તેઓ કહયા વગર રહી શકતા નથી કે -

" પણ સબૂર; શ્રીપાલની ભૂખ પૂરી થઇ નથી કોકન દેશની ૨૦૦૦ કન્યા, મેવાડની ૧૦૦ કન્યાં, તૈલંગદેશની ૧૦૦૦ કન્યા સાથે કથાકાર તેનું લગ્ન કરાવે છે. સોરઠપતિની ૫૦૦, મરહટની ૫૦૦, ગુજરાત દેશની ૪૦૦ અને વૈરાટની ૨૦૦ કન્યા પણ એવી જ રીતે ભાગ્યશાલિની થઇ ! હિંદના બીજા ઘણા પ્રાંતો હજી રહી જાય છે પણ કદાચ કથાકારને ભૂગોળનું જ્ઞાન નહિ હોય; નહિ તો તે દરેક પ્રાંતની થોડી-ઘણી કન્યાઓ પોતાના "નાયક"ને પરણાવતાં તેને આળસ થાત નહિ!"[40] આટલી સ્ત્રીઓ પરણાવ્યા બાદ શ્રીપાલ રાજાને ૧૨૦૦૦ પુત્રો થયા એમ નોંધ્યું છે આવી અસંભવિત વાતો શાસ્ત્રકથાઓમાં કહેવામાં આવતી તે તરફ વાડીલાલે નાખુશી વ્યકત કરી છે અને હિંદુ શાસ્ત્રગ્રંથ "રામાયણ"ને

---

૪૦. અંજન : પૃ. ૭૫૫

બિરદાવર્તા જણાવ્યું છે કે "રામાયણ" જેવા શાસ્ત્રગ્રંથો જોઇએ, જેમાં કંઇ ઉચ્ચ આદર્શની વાત કરવામાં આવી હોય એના વાંચનથી જનતાને સદ્‌ગુણ દુર્ગુણનો તફાવત ખબર પડે, વિચારો ઉન્નત બને અને સાથે સાથે વર્તન પણ સુધરે શાસ્ત્રગ્રંથો જ જો હલકી કક્ષાનાં લખાણો રજૂ કરે તો પછી બીજા સામાન્ય લખાણોને શું કહેવું ? માટે "શ્રી શ્રીપાલ ચરિત્ર" જેવા સમાજને હલકા વિચારો બક્ષતા શાસ્ત્રગ્રંથો વાંચવાની એમણે મનાઇ કરી છે. શ્રીપાલ રાજા ગુરુનો ઉપદેશ સાંભળી અંતે મોક્ષપદ પામે છે. વાડીલાલનો પ્રશ્ન એ છે કે શ્રીપાલે એવાં ક્યાં સત્કૃત્યો જિંદગીભર કર્યાં કે ચરમશરીરી બની મોક્ષપદને પામ્યો ? ઘણી સ્ત્રીઓને પરણવાનો આદર્શ જો આ શાસ્ત્રગ્રંથ બતાવતો હોય તો એને અનુસરવાનું જરૂરી નથી. વાડીલાલે કરેલી ટીકા નીચે પ્રમાણે છે –

" જેનો મોક્ષ આ ભવે જ થવાનો છે તેવા પુરુષનું ચરિત્ર અતિ ઉત્તમ હોવું જોઇએ. ઘણા પૂર્વજન્મોમાં તેનું ચરિત્ર ઘડાયેલું અને પરિપકવ બનેલું હોવું જોઇએ. એવા આત્માના છેલ્લા અવતારમાં થતાં કાર્યો જનસમાજને આદર્શરૂપ બને તેવાં હોય એમ સહજ અટકળ બાંધી શકાય. તેને બદલે શ્રીપાલ નામના જે ચરમશરીરીનું ચરિત્ર જૈનકથાકારે આલેખ્યું છે તે તો માત્ર એક સામાન્ય માણસની ગણતરીમાં મૂકવા જેવા મનુષ્યના ચરિત્ર કરતાં પણ ઊતરતું છે. કાં તો શ્રીપાલ એક કલ્પિત પાત્ર હોવું જોઇએ, અગર તો જો તે ઐતિહાસિક વ્યક્તિ હોય તો તેનો ઇતિહાસ આ કથામાં કહયો છે તેથી જુદી જ જાતનો હોવો જોઇએ, જેઓ ચરમશરીરી અથવા આદર્શ પુરુષોના નામ સાથે આ કથામાં આપેલા વૃત્તાંત જેવું વૃત્તાંત જોડી શકે છે તેઓ ધર્મનું – ખાસ કરીને જૈનધર્મનું રહસ્ય સમજ્યા જ નથી – એથી વિશેષ બીજું શું કહી શકાય ?"[૪૧]

---

૪૧. અંજન : પૃ.૭૫૭

આવાં પુસ્તકો વાંચવામાં અને વાંચ્યાબાદ તેનું વિવેચન કરવામાં પોતાના સમયનો દુર્વ્યય થતો હોય એમ વાડીલાલને લાગે છે.

વિવેચકનો સિધ્ધાંત સ્પષ્ટ કરતાં વાડીલાલે લખ્યું છે કે – " જે પુસ્તકોમાં ભાષાશુધ્ધિનું ઠેકાણું જ ન હોય એવાં પુસ્તકોને પ્રસિધ્ધિ મળતાં અટકાવવાં એ મારો સિધ્ધાંત છે. ભાષાની સરળતા એ હું પુસ્તકની ઉપયોગિતાનું પહેલું અંગ માનું છું. ત્યાર પછી બીજું જે જરૂરી તત્ત્વ, જનસમાજને ભલામણ કરવા જેવાં પુસ્તકોમાં હું જોવા ઇચ્છું છું તે એ છે કે એમાંના વિચારો પછી તે વાર્તારૂપે લખાયા હો નિબંધરૂપે લખાયા હો, કે શાસ્ત્રીય વિવાદરૂપે લખાયા હો – ચાહે તે રૂપે લખાયા હો પરંતુ વ્યવહારોપયોગી હોવા જ જોઇએ. જે વાંચવાથી માણસના જ્ઞાનભંડોળમાં, શુધ્ધ આનંદમાં કે જીવનને ઉચ્ચતર બનાવવામાં સારી અસર ન થાય તેવાં પુસ્તકો ગમે તેવી સુંદર ભાષામાં લખાયાં હોય તો પણ પ્રજાને તે વાંચવા પાછળ સમયનો ભોગ આપવાની સલાહ આપી શકાય નહિ.....................જાહેર પત્રોમાં અવલોકન લખનારાઓએ લગભગ દરેક પુસ્તકની પ્રશંસા કરવાનો જ જાણે કેમ રિવાજ ન રાખ્યો હોય, એવું જોવામાં આવે છે આ પધ્ધતિ જનસમાજને ઉંધે રસ્તે દોરનારી, પ્રજાના ઉપયોગી દ્રવ્ય અને એથી યે વધુ ઉપયોગી સમયનો ભોગ લેનારી અને મગજને બગાડનારી, નહિતો થકવનારી નીવડે છે."[૪૨] વાડીલાલે જે કાંઇ થોડાં વિવેચનો કર્યાં છે તે એમના સિધ્ધાંતને કેન્દ્રસ્થાને રાખીને જ કર્યાં છે એમ આપણે જરૂર કહી શકીએ.

---

૪૨. અંજન : પૃ. ૧૯૩૩ – ૧૯૩૪

"શ્રી શ્રીપાલ ચરિત્ર" જેવું બીજું પુસ્તક છે સૂર્યમલ્લજી સ્વામીએ રચેલું "શ્રીસમકિત કૌમુદી રાસ".[43] સ્થાનકવાસી જૈન મુનિઓ પૈકી સંસ્કૃતમિશ્ર શુધ્ધ ગુજરાતીમાં કોઇ રસીલું કાવ્ય લખાયું હોય તો તે આ જ છે એમ પ્રશંસાકરી એની શુધ્ધ ભાષા અને ઉત્તમ અલંકારોની ગોઠવણી તથા સચોટ ઉપદેશ માટે અભિનંદન આપ્યા બાદ ઉપયોગિતા (utility) ની દ્રષ્ટિએ આવાં ક્લિષ્ટ પુસ્તકો/પ્રત્યે પોતાને બહુમાન કે પ્રેમ નથી એમ નિર્ભીકતાથી જણાવતાં લખ્યું છે કે -

" આજે તો જે મહાશયો જનસાધારણના હિત ખાતર જ - નહિ કે પ્રસિધ્ધિ ખાતર - કંઇ લખવા ઇચ્છતા હોય તેમણે જેમ વિષયની પસંદગી કરવામાં ઉપયોગિતાનો સિધ્ધાંત નજર આગળ રાખીને તદ્દન સરળ પણ જુસ્સાદાર ભાષામાં લખવું જોઇએ. હવે સામાન્ય સાધુઓ કે રાજાઓ કે અમલદારોનાં જીવનચરિત્રો રચવા પાછળ વખત ખર્ચવો પાલવે તેમ નથી; તેમજ ધર્મના કે નીતિના એક નાનકડા સિધ્ધાંતને પ્રતિપાદન કરવા અર્થે અસંભવિત અને લાંબી કથાઓ ચીતરી કાઢવી એ પણ પ્રજાનો વખત ગુમાવવા બરાબર છે. લોકોની બુધ્ધિને અપીલ કરે એવી ઢબથી નીતિકે ધર્મના એકેક સિધ્ધાંતને પ્રતિપાદન કરનારાં પુસ્તકો થવાની અત્યંત જરૂર છે."[44] વાડીલાલ પણ નર્મદની જેમ જુસ્સાદાર ભાષાને વધુ મહત્ત્વ આપે છે.

પંડિત ઝમ્મનલાલજી તર્કતીર્થ લિખિત "વિધવાવિવાહ ખંડન"[45] શીર્ષકવાળા પુસ્તકના અવલોકનમાં તો પંડિતજીને સમાજમાંથી દૂર કરવા જોઇએ એમ વાડીલાલ દલીલોથી સમજાવવામાં સફળ થયા હોય

---

૪૩. એજન : પૃ. ૭૬૩

૪૪. એજન :

૪૫. "જૈ. હિ." : ૧૯૧૯ નવેમ્બર : પૃ. ૨૨૧

એમ લાગે છે. " મને તો આવા પંડિતો અને તર્કતીર્થો દુનિયાને ભારરૂપ જ લાગે છે, એમનામાં "સામાન્ય અક્કલ" (common sense) નો પણ છાંટો હોવા માટે મને તો શક છે."[46] આવી ઉપહાસયુકત વાણી દ્વારા આખા પુસ્તકને અને એમાં પ્રતિપાદિત થયેલા વિચારોને વાડીલાલે વખોડી કાઢ્યા છે.

મુનિશ્રી અમોલ ઋષિએ પ્રસિદ્ધ કરેલા "શીલ મહાત્મશ્રી વીરસેણ કુસુમ શ્રીચરિત્ર"ની[47] વિવેચના કરતાં શરૂઆતમાં પ્રશંસા કરી છે અને જણાવ્યું છે કે "વિવેચન" કરતી વેળા તેના રચયિતા તરફ નજર ન કરતાં ગ્રન્થ તરફ જ દૃષ્ટિ રાખવી જોઇએ. લેખક મિત્ર છે કે દુશ્મન, જાણીતો છે કે અજાણ્યો.તેની દરકાર કર્યા વગર કૃતિનું સાચું અવલોકન કરવું જોઇએ. અમોલ ઋષિના આ પુસ્તકની વાડીલાલે કરેલી સખત ટીકા અને મુનશીની "પાટણની પ્રભુતા"ની પ્રશંસા સાબિત કરે છે કે વાડીલાલ રચયિતા તરફ દૃષ્ટિ રાખતા નહોતા પરંતુ કૃતિને ધ્યાનમાં રાખીને જ વિવેચન કરતા હતા. જૈન સાધુ દ્વારા એ પુસ્તક લખાયું છે માટે તેની પ્રશંસા કરવી એ વાડીલાલના વ્યક્તિત્વને અનુકૂળ નથી. એમણે અતિશય ઉગ્ર ભાષામાં અમોલ ઋષિના ગ્રન્થની ટીકા કરતાં નીચે મુજબ નોંધ્યું છે

" એક મહાન લડવૈયો ગવૈયા તરીકે ઉત્તમ હોવો જ જોઇએ, અગર એક લેખક આબાદ વ્યાપારી નીવડવો જ જોઇએ એમ કોઇ કહી શકે નહિ ; તેવી જ રીતે આ ઉપકારી મુનિશ્રી એક લેખક તરીકે ઉત્તમ હોવો જ જોઇએ એવો કાંઇ નિયમ હોઇ શકે નહિ.....................

---

૪૬. એજન
૪૭. જૈ. હિ. : ૧૯૧૪ : સપ્ટેમ્બર-ઓકટોબર : પૃ. ૭૬૧-૬૨

મુનિશ્રીનું આ પુસ્તક તેમના બીજા પુસ્તકોની માફક છેક જ અશુધ્ધ ભાષામાં રચાયેલું છે એકેક વાકયમાં – પ્રાયઃ એકેક શબ્દમાં અશુધ્ધિ ભરી છે....................મહારાજશ્રી આજકાલ કરતાં સુમારે ૧૦–૧૨ વર્ષથી હિંદીમાં લખવા લાગ્યા છે, છતાં તેમની હિંદી ભાષા છેક જ નિર્માલ્ય, છેક જ અશુધ્ધ છે એ જોઇ બહુ ખેદ થાય છે........ "શીલ મહાત્મ" પુસ્તકમાં ભાષા અતિ અશુધ્ધ હોવાનો માત્ર એક જ દોષ નથી, પણ વાર્તામાં પણ કંઇ માલ નથી અને કહેવાની રીત પણ આકર્ષક નથી. લાંબુ ટાયલું વાંચવામાં ઘણો વખત ગુમાવવો પડે તેમ છે."[૪૮] "ટાયલું" શબ્દ વાપરી વાડીલાલે આ પુસ્તકને તદ્દન નીચલી કક્ષામાં મૂકી દીધું છે. વાડીલાલે એમના "સત્ય"ના આગ્રહને કારણે બીજો કંઇ વિચાર કર્યા વગર ફક્ત કૃતિને જ વાંચીને કરેલા તટસ્થ અવલોકનોને પરિણામે કેટલાય દુશ્મનો ઊભા કર્યા હશે એ સમજી શકાય એમ છે.

વાડીલાલે પુસ્તકોનાં અવલોકનો ઉપરાંત સામયિક પત્રો વિશે પણ પોતાના અંગત અભિપ્રાય રજૂ કર્યા છે. "જૈનજગત" સાપ્તાહિકનાં તંત્રી ડાૅકટર ધારસીભાઇ ગુલાબચંદ સંઘાણીને બંધુભાવે પત્રકાર તરીકેનું કર્તવ્ય છોડી દેવા સૂચવ્યું હતું અને કહયું હતું કે ———— " વર્ષોના વર્ષો સુધી સંપાદક તરીકે કામ કરવા છતાં જર્નાલીઝમનાં મૂળતત્વો પણ ન સમજાયાં હોય તો મનમાં સમજી લેવું કે આપણે બીજી જ કોઇ લાઇન માટે સર્જાયલા છીએ અને આપણા પોતાના તેમજ જાહેરના હિત માટે આપણે આપણી પ્રકૃતિને અનુકૂળ લાઇન શોધી કાઢવી એ જ શ્રેયસ્કર છે."[૪૯]

---

૪૮. એજન બી જુન

૪૯. જૈ. હિ.: ૧૯૧૯ : નવેમ્બર થી જૂન : ૧૯૨૦ : પૃ. ૨૨૭

બીજા કેટલાક જુદા જુદા માસિકપત્રો વિશે વાડીલાલે પોતાના સારાનરસા અભિપ્રાયો આપ્યા છે અને એમની દ્રષ્ટિએ લાગતી ક્ષતિઓ તરફ અંગુલિનિર્દેશ કરી પત્રનાં લખાણો સુધારી પત્રને વધુ વ્યવસ્થિત અને સમાજને ઉપકારી બનાવવાનો નિર્દેશ કર્યો છે. એમાં "જૈન હિતૈષી", "સત્યવાદી", "વન્દે જિનવરમ્", "જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ" "આનંદ", "આત્માનંદ પ્રકાશ", "ભાગ્યોદય", "વાર્તાવારિધિ", "ધન્વન્તરિ" તેમજ વડોદરાથી પ્રસિધ્ધ થતા "સાહિત્ય" માસિકનો સમાવેશ થાય છે. "સાહિત્ય" વિશે એમણે નોંધ્યું છે કે –

" પાંચ ફોર્મના માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૨ાા ગુજરાત જેવા દેશ માટે વધારે પડતું ગણાય. આ પત્ર "વસન્ત" માસિકની સ્પર્ધામાં ઊતરે એવું સ્વરૂપ હજી સુધી તો દેખાતું નથી."[૫૦]

જે પુસ્તકો કે પત્રોનું ધ્યેય સામસામી ટીકાઓ અને આક્ષેપો કરવાનું હોય તેને વાડીલાલે સખત શબ્દોમાં ઝાટકી કાઢયા છે એમાં "દંડી પીતામ્બરી આચાર્ય મૂલચંદજી ઉર્ફે કૃત્રિમ ધર્મવિજયજીસે ૧૫૧ પ્રશ્ન" અને "દંડી દમ્ભ દર્પણ" એ બે સ્થાનકવાસી તેમજ દેરાવાસી પન્થની ખટપટ રજૂ કરતાં પુસ્તકોનો સમાવેશ થાય છે. આવાં પુસ્તકો મફત મળવા ઉપરાંત, ઉપરથી કોઇ હજાર રૂપિયા આપે તો પણ તેમનો સ્પર્શ સુધ્ધાં ન કરવાની ચેતવણી એમણે આપી છે. "પ્રપંચ, નિંદા, જૂઠ, અજ્ઞાન અને દ્વેષના સાગરરૂપ આવાં પુસ્તકો ગટરને જ લાયક ગણી શકાય એમ ભારપૂર્વક નોંધી જનતાને એવા હીન વિચારો પ્રદર્શિત કરતાં પુસ્તકો તરફ ધ્યાન ન આપવા જણાવ્યું છે.

---

૫૦. "જૈ. હિ." : ૧૯૧૩ : જૂન : પૃ.૩૦૦–૩૧૨

આટલાં વિવેચનો ઉપરાંત રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆના લઘુબન્ધુ ઉત્તમચંદના કેટલાક પત્રો, નિબંધોને વિચારોના સંગ્રહરૂપ "ઉત્તમબોધ", ડૉ. શ્રી ગોપાલ રામચન્દ્ર તાંબે કૃત "સુશ્રુષા"; શતાવધાની મુનિ રત્નચંદ્રજી કૃત "કર્તવ્યકૌમુદી"; ડૉ. ધારશી ગુલાબચંદ સંઘાણી કૃત "પુણ્ય પ્રભાવ – ભા. ૧ લો,"; પંડિત ગિરિધર શર્મા કૃત "હિન્દી ભક્તામર"; શ્રી પન્નાલાલ જૈન બાકલીવાલ કૃત 'सनातन जैन ग्रन्थमाला' વગેરે અનેક ગ્રન્થોની સમાલોચના કરી છે. બધાની તલસ્પર્શી સમીક્ષાઓ કરી નથી, કેટલાકની તો ફક્ત પહોંચ લખીને જ સંતોષ અનુભવ્યો છે.

વા. મો. શાહનું વિવેચનસાહિત્ય "ગ્રંથાવલોકન"માં સીમિત છે એમ જરૂર કહી શકાય. નર્મદ અને નવલરામની જેમ કાવ્યના સ્વરૂપ અને રસની ચર્ચા વાડીલાલે કરી નથી તો મણિલાલ નભુભાઈની માફક સાહિત્યશાસ્ત્રોને લગતા થોડાઘણા વિવેચનલેખો પણ લખ્યા નથી. એમણે કાવ્યશાસ્ત્રની ચર્ચામાં કે વાદવિવાદમાં કોઈપ્રકારનો ભાગ લીધો નથી. પરંતુ એમની નીડરતા, સમતોલન અને સ્પષ્ટવક્તૃત્વવડે થયેલાં ગ્રંથાવલોકનો એમને વિવેચકની ગણનામાં મૂકવા માટે પૂરતાં છે એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય.

"કબીરજીનાં આધ્યાત્મિક પદો" એ એક માત્ર વાડીલાલનો વિવેચનગ્રંથ હોવાથી એનો વિસ્તૃત અભ્યાસ અહીં અનિવાર્ય બને છે. એ પદોની પસંદગી, એમણે ઘટાવેલા નવીન અર્થ અને વિવેચન હવે જોઈએ.

કબીરજીનો ધંધો જુલૈયાનો – વણકરનો હતો. પરંતુ તે અમીરી વણકર હતા, આધ્યાત્મિક વણકર હતા,"જીવ" અને "શીવ"ના તાણા-વાણા જોડવામાં પ્રવીણ "કારીગર"હતા.[૫૧] તે કોઇ પંડિત નહોતા, પણ સ્વપ્રકાશથી "જોનારા" હતા, સ્વતંત્ર "દ્રષ્ટા" હતા અને તેથી જ પોતાની "મસ્તી"માં "મસ્ત" હતા. એમનામાં "મસ્ત"ની "મસ્તી" અને વણકરની "કલા" નો સુભગ સમન્વય હતો. તત્કાલીન સમાજના લોકોની અને ગુરુઓની સ્થિતિ જોઇને કલ્પનામાં ન આવે એવું તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ એમણે રચ્યું હતું. " એક જીવ ભાવનાને કાયમ રાખી,શીવ, ઇશ્વર, બ્રહ્મ, ધ્યાન, તપ, જપ, ગુરુવર્ગ અને ખુદ વેદ તથા ઉપનિષદ્ પર પણ એમણે તલવાર ચલાવી હતી."[૫૨] ઉપનિષદ્ના સિધ્ધાંતનું ખંડન કરી, એ જ સિધ્ધાંત નવા સ્વરૂપમાં આપવાની તાકાદ તેઓમાં હતી. વાડીલાલ કહે છે–

"એક સત્ય વારંવાર સાંભળવાને પરિણામે લોકો એ સત્યની અવજ્ઞા કરે છે એ માનસશાસ્ત્રનો નિયમ સ્વાનુભવથી જાણવા પામેલો કબીર લોકોને પરિચિત એવા તમામ સિધ્ધાંતો અને શાસ્ત્રોનો "ઘડોલાડવો" કરતો–તે પણ થોડા, હૃદયવેધક અને અર્થસૂચક શબ્દોથી–અને પછી એ જ "માટી"માંથી નવા સિધ્ધાંત રૂપી "વાસણ" ઘડી લોકો સમક્ષ રજૂ કરતો. લોકો તો શું પણ ભલભલા "પંડિતો"ય એ "કલા" સમજી શકતા નહિ – રે "કલા" થઇ છે એવું પણ એમને લાગવા ન પામે એટલી બધી કબીરની ખૂબી હતી."[૫૩]

---

૫૧. જુઓ પ્રસ્તુત મહાનિબંધનું પૃષ્ઠ – ૫૧૫ - ૫૧૬
૫૨. "જૈ. હિ. : ૧૯૨૧ : જૂન : પૃ. ૧૨૯
૫૩. એજન

"કલા" કરનારનો ભેદ છૂપો રહે તો જ એ "કલા" થી ધારેલુ લોકહિત સધાય. ફક્ત ગુરુ જ એ "કલા"ની ચાવીઓ - રહસ્ય જાણે છે. "ગુરુ સિધ્ધાન્તો નથી આપતો, "દષ્ટિ" આપે છે !" આ વાત કવીરજી જાણતા હતા. પરંતુ ઢોંગી, દંભી, ગુરુઓની નિંદા કરવાનું કામ કવીરજીએ સૌથી વધારે "પાણીદાર" હથિયાર દ્વારા કર્યું હતું. "ગુરુપદના નામે દુનિયામાં જેટલી નરકો ઉત્પન્ન થઇ છે તેટલી નરકો વ્યભિચારી અને કસાઇ પણ ઉત્પન્ન નથી કરી શકયા !"[૫૪] આવું મંતવ્ય ધરાવતા વાડીલાલે ઢોંગી ગુરુઓની ઝાટકણી કાઢવામાં કવીરજી સાથે હાથ મિલાવ્યા છે એમ એમના લખાણોના વાંચનથી લાગે છે. વાડીલાલે બીજા કોઇપણ વિષયનો વિવેચનગ્રંથ ન લખતાં "કવીરજીનાં પદો" કેમ પસંદ કર્યા એ પ્રશ્ન જરૂર ઉપસ્થિત થાય છે. એનું કારણ એક તો એ કે, કવીરજી અને વાડીલાલ બંનેના સ્વભાવમાં કેટલુંક સામ્ય નજરે પડે છે. કવીરજીનું માનસ બંડખોર અને વિપ્લવવાદી છે. એમનો મિજાજ સ્વતંત્ર વિચારકનો છે. ખંડન કરવામાં એ વધુ ઉગ્રતા ધારણ કરે છે. કેટલાંક પદોમાં એમની ભાષા પણ અતિ ઉગ્ર છે. કેટલાંક પદોમાં ભક્તિ-ભાવના ઉત્કટ છે અને એમાં ભક્તિનો પ્રબળ આવેગ છે છતાં એમાં ભક્તિ ગૌણ છે અને તત્ત્વદર્શન મુખ્ય છે. એમની ઉક્તિઓમાં યોગની પરિભાષા જણાય છે કારણકે એમની યોગની અનુભૂતિ ગહન રૂપની છે. કવીરજીની વાણીમાં "પયગમ્બરી છટા" (Prophetic style) વધુ છે. તેમને કોઇની પરવા નથી, જે સાચું છે તે કહેવું છે તેથી ભાષા પણ કથનને અનુરૂપ સહજરીતે વપરાઇ છે. કવીરજીનાં પદો વાંચવા કે સમજવાં મુશ્કેલ નથી.

---

૫૪. એજન

વાડીલાલને કબીરજીએ આકર્ષ્યા, કારણ વાડીલાલનું માનસ પણ ખંડખોર અને વિપ્લવવાદી છે. એ ખંડનમાં વધુ ઉગ્રતા ધારણ કરતા હતા તે આગળના પ્રકરણોના વાચનથી સમજાય છે. સ્વતંત્ર, નીડર, સત્યાગ્રહી સ્પષ્ટવકતા, મિજાજી માનસ ધરાવતા વાડીલાલ ઉપર કબીરજીના લખાણોની ગૂઢતમ અસર વર્તાય છે. વાડીલાલ યોગની અમુક ભૂમિકાએ પહોંચેલા હતા તેથી એમની ઉકિતઓમાં પણ યોગની પરિભાષાનો ઉપયોગ દેખાય છે.

કબીરજીના બધા પદોનું વિવેચન વાડીલાલે કર્યું નથી પરંતુ આધ્યાત્મિક પદો પસંદ કરીને લીધા છે તેમાં ય દરેક પદનું વિસ્તૃત વિવેચન કર્યું નથી. સમજવામાં સરળ એવાં કેટલાક પદો ફકત નોંધ્યા છે, કેટલાકની સમજૂતી આપી છે અને કેટલાકનું તલસ્પર્શી વિવેચન કર્યું છે.

કબીરજીને ઇશ્વરના નિર્ગુણ સ્વરૂપમાં આસ્થા છે તેથી મૂર્તિપૂજા, કર્મકાંડ, વ્રત, વર્ણાશ્રમ, ઉપવાસ, તીર્થયાત્રા, દેવ, અવતાર આદિ વિચારોનું ખંડન કર્યું છે અને એકેશ્વરવાદ, સમાનતા, ભકિત, જન્માંતર-વાદ, અહિંસા, સંસારની અસારતા આદિ વિચારો પ્રતિપાદિત કર્યા છે. મૂર્તિપૂજા સંબંધે કબીરજીએ કહ્યું છે કે –

"પત્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજૂં ગિરિરાય ;
ઇસસે તો ચક્કી ભલી, પિસ ખાય સંસાર !
દેહી નિરંતર દેહરા, તામે પરતછ દેવ;
રામ નામ સુમરન કરો, કહા પત્થરકી સેવ ?

પત્થર મુખ ના બોલે હિ, જો સિર ડારો કૂટ;
રામ નામ સુમરન કરો, દૂજા સબહી જૂઠ.
કુબુધી કો સૂઝે નહિ, ઉઠ ઉઠ દેવલ જાય;
દિલ દેહરાકિ ખબર નહિ, પત્થર તે કહાપાય ?"[55]

કબીરજીના ઉપર્યુક્ત મૂર્તિપૂજા વિરુધ્ધ વિચારો વાંચતાં મધ્યકાલિન કવિ અખાની યાદ આવે છે

" એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ,
પાણી દેખી કરે સ્નાન, તુલસી દેખી તોડે પાન,
એ અખા વહું ઉતપાત, ઘણા પરમેશ્વર એ કયાંની વાત ?[56]

અને બીજો સુપ્રસિધ્ધ છપ્પો છે –

"સજીવાએ નજીવાને ઘડયો, અને સજીવો નજીવાને પૂછે છે કે મને કાંઈક દે;
તો આ અખો ભગત એમ પૂછે કે તારી એક ફૂટી છે કે બે."[57]

અખો અને કબીરજી બનેની કહેવાની વાત એક જ છે કે પત્થર પૂજવાથી કંઇ મળવાનું નથી, પરંતુ બંનેની વાણીમાં તફાવત છે. અખાની વાણી કટુ, કર્કશ અને સાંભળનારને માઠું લાગે તેવી છે, જ્યારે કબીરજી નરમાશથી હળવાશથી, મધુરતાથી કહે છે જે સાંભળવું ગમે છે. અહીં એક વાત નોંધવી ઘટે કે અખો અને વાડીલાલ વાણીની ભાષાની બાબતમાં સામ્ય ધરાવે છે. વાડીલાલની કટુવાણીના પ્રત્યાઘાતો અવળા પડે છે જ્યારે કબીરજીની મીઠાશથી કહેવાયેલી એની એ જ વાત ઉગ્ર પ્રત્યાઘાતો ઊભા કરતી નથી. પત્થરની મૂર્તિ પાસે તમે તમારુ માથું ફોડી નાખો તો પણ તે

---

૫૫. "કબીરજીનાં આધ્યાત્મિક પદો" : પૃ.૫૭–૫૮
૫૬. ઉમાશંકર જોષી સંપાદિત "અખાના છપ્પા" ૧૯૫૩, પ્રથમ આવૃત્તિ પૃ. ૧૧૫
૫૭.

બોલવાની નથી – મતલબકિ તમારી અરજ બહેરા કાન સાથે અથડાઈને જ પાછી આવવાની છે તો શામાટે મૂર્તિપૂજા કરો છો ? એમ કહેતા કબીરજી અને, "તારી એક ફૂટી છે કે બે "? કહેતા અખાજીમાં, અખાની વાણી જ કર્કશ છે. વાડીલાલે કબીરજીના સદરહુ વચનો સાથે યોગીંદ્રદેવ નામે જૈન પૂર્વાચાર્યે રચેલા "સ્વાનુભવદર્પણ" ની કેટલીક પંક્તિઓ સરખાવી છે –

" તીર્થે ને દહેરા વિષે, નિશ્ચેય દેવ ન જાણ ;
જિન ગુરુવાણી એમ કહે, દેહમાં દેવપ્રમાણ.
- - - - - - - - - - - - - - - - - - - - - -
ખરો દેવ છે દેહમાં, જ્ઞાની જાણે તેહ;
તીર્થ દેવાલય દેવ નહીં, પ્રતિમા નિશ્ચયસિદ્ધ."[૫૮]

યોગીંદ્રદેવની આ ગાથાઓનું પદ્યબધ ભાષાંતર પંડિત લાલને કર્યું હતું ત્યારે મૂર્તિપૂજક જૈન કો–ફર–સે તેમને માફી માગવાની ફરજ પાડી હતી.

કબીરજીના કેટલાક પદો ઉપર વાડીલાલે અહોભાવ વ્યક્ત કર્યો છે.

" ગુરુ લોભી શિખ લાલચી દોનો ખેલે દાવ;
દોનો ડુબે બાપડે, બેઠ પત્થરકી નાવ.[૫૯]

આ પદ વાડીલાલે વિસ્તારથી સમજાવતાં લખ્યું છે કે –

" ગુરુ અને શિષ્યની જોડી ઘણે ભાગે એક સરખી જ મળે છે. ગુરુ "લોભી" હોય અને શિષ્ય "લાલચુ" હોય. આ સિદ્ધાંત બરાબર સમજવા જેવો છે. જે માણસ જે ચીજને લાયક હોય તે જ તેને મળે છે. "આકર્ષણ"

---

૫૮. "સ્વાનુભવદર્પણ" : ૪૧ થી ૪૪ ગાથાઓ.
૫૯. "કબીરજીના આધ્યાત્મિક પદો" : પૃ. ૬૯

( Attraction ) ના નિયમ પ્રમાણે સમાન પ્રકૃતિઓ એકબીજાને પોતા તરફ ખેંચે છે, ગુરુ પૈસાનો લોભી હોય કે પછી [ જ્યાં અન્ન-વસ્ત્ર માંગવા પહેલાં બમણાં મળતાં હોય તેથી લક્ષ્મીની જરૂર ન રહેતી હોય ત્યાં ] માન નો લોભી હોય; અને શિષ્ય "લાલચુ" હોય એટલે કે થોડે ખર્ચે કે થોડી મહેનતેર્મે, માત્ર આ ગુરુરાજની પગચંપી કરવાથી કે એના ચેલાને દીક્ષા આપવામાં બે ચાર હજાર રૂપિયાનું ખર્ચ કરવાથી કે એનો ગમે તેવી બાબતમાં પક્ષ કરવાથી સ્વર્ગ મળી જશે એવી લાલચથી તે શિષ્ય થાય છે. દુનિયાના સાધુઓ અને ભક્તોનો મોટોભાગ આવો જ હોય છે. પત્થરની હોડીમાં બેઠેલા શિષ્યો ડૂબે એમાં શું આશ્ચર્ય ?"[60]

અખાના છપ્પાને પણ અહીં યાદ કરવો જ રહ્યો -

" પોતે હરિ ન જાણે લેશ, અને કાઢી બેઠો ગુરુનો વેશ.
જયમ સાપને ઘેર પરોણો સાપ, મુખ ચાટી વળ્યો ઘેર આપ.
એવા ગુરુ ઘણા સંસાર, તે અખા શું મૂકે ભવપાર ?"[61]

આમ અખાના કેટલાક છપ્પા અને કબીરજીના કેટલાક પદોમાં વિચાર સામ્ય ઘણું જ છે. ફક્ત વાણીની ભિન્નતા નોંધપાત્ર છે. કબીરજીએ ગુરુ વિશે આગળ કહ્યું છે કે -

" જાકા ગુરુ હૈ લાલચી, દયા નહિં શિખમાંહિ;
ઉન દોનોંકો ભેજિયે, ઉજડ કૂવા માંહિ !"[62]

આ પદનો અર્થ સમજાવતાં વાડીલાલ કબીરજી પર વારી ગયા છે એમણે નોંધ્યું છે કે -

---

૬૦. એજન.
૬૧. ઉમાશંકર જોષી સંપાદિત "અખાના છપ્પા" : ૧૯૫૩: પ્રથમ આવૃત્તિ પૃ. ૩
૬૨. "કબીરજીનાં આધ્યાત્મિક પદો" : પૃ. ૬૯

"વાહ રે કબીરજી વાહ ! તમારા જેવા સત્યકથન નીડરપણે કરનારા પુરુષો થોડા જ થયા હશે. જેના ગુરુ પૈસા કે માનના લાલચી હોય તેના શિષ્યને દયા તો હોઇ શકે જ નહિ; કારણકે પૈસા કે માન રળવા માટે અનેક દગાફટકા અને કાટ-કૂટ કરવી પડે; એમાં શિષ્યો ગુરુની ભક્તિ ખાતર-થોડી મહેનતે મોક્ષ સુંદરીને વરી બેસવા ખાતર-હથિયાર તુલ્ય બને જ. માટે એવા ગુરુ અને એવા ચેલાને તો ઉજ્જડ કૂવામાં પધરાવી દો, કે જેથી કોઇ કાઢનાર પણ ન મળે."[63]
સદરહુ પદમાં કબીરજીની ઉગ્રતા નજરે પડે છે.

" કહેણી સાથે કરણી અથવા જ્ઞાન સાથે ક્રિયા" એવા શીર્ષક હેઠળ કબીરજીના કેટલાક પદો વાડીલાલે સમજાવ્યાં છે જેમાં વાડીલાલ નું અંગ્રેજી પુસ્તકોનું જ્ઞાન પ્રગટ થાય છે.
દા.ત.

" કથતે-બકતે મર ગયે, મૂરખ કોટ હજાર;
કથની કાચી પર ગઇ, રહની રહી સોસાર.[64]

સદરહુ પદને સ્પષ્ટ કરતાં વાડીલાલે નોંધ્યું છે કે - " કથતાં-બકતાં તો કોડ હજાર ઉપદેશકો મરી ગયાં; તેમાંના કોઇનું નામનિશાન પણ આજે રહ્યું નથી. કારણકે "કથની" થોડા વખતમાં "કાચી પડે છે - દેવાળું ફૂંકે છે. પારકા રૂપિયા લાવીને સરાફું કરે તે કેટલો વખત ચાલે ? ઘરમાં મૂડી હોય તો જ સરાફું લાંબો વખત ચાલી શકે. રહેણી તો ઘરની લક્ષ્મી છે, અંતરની મિલકત છે. અંતરમાં સંપૂર્ણ પવિત્રતા સિવાય શુધ્ધ રહેણી હોય જ નહિ. માટે રહેણી તો હજારો વર્ષ સુધી જગતના જીવોને ઉપદેશ કરનારી થઇ પડે છે. લોન્ગફેલો નામનો કવિ બરાબર કહે છે કે-

---

૬૩. એજન
૬૪. એજન : પૃ. ૭૯

Lives of great men all remind us,
we can make our lives sublime,
And, departing leave behind us
Footprints on the sands of time;

... ... ...

મહાત્માઓના શબ્દો જેટલી અસર નથી કરતા તેટલી અસર તેમના મૂગા આત્મભોગનાં કૃત્યો, જગસેવાનાં કાર્યો કરે છે."[૬૫] કહેણી કરતાં રહેણી વધુ અગત્યની છે.

" રામ ઝરોખે બૈઠ કર, સબકા મુજરા લેત;
જિનકી જૈસી ચાકરી, તીનકો વૈસા હેત."

સદરહુ પદનું અર્થઘટન વાડીલાલે જુદીજ રીતે કરતાં લખ્યું છે કે-

["રામ રમ-રમવું]- સઘળી જગાએ રમી રહેલો એવો "કર્મનો કાયદો (Law of cause and effect ) બધાનો હિસાબ પૂછે છે અને જેવી જેની "ચાકરી" પબ્લીક સર્વીસ - પરોપકારનાં કામો તેવું તેનું ફળ તેને આપે છે. "કર્મ"ના કાયદાની ચુંગાલમાંથી કોઇ બચી શકતું નથી, કે તેને કોઇ ઠગી શકતું નથી."[૬૬]

કબીરજીના કર્મયોગને વાડીલાલે બિરદાવ્યો છે. કબીરજીની યોગની અભિવ્યકિત કરતાં પદોનું અર્થઘટન વાડીલાલે તત્ત્વજ્ઞાનસભર શૈલીમાં કર્યું છે, અને કબીરજીએ લગાવેલા ચાબખાની ઉગ્રતા વાડીલાલે પોતે કરેલા અર્થઘટનમાં પણ જાળવી રાખી છે. એમની શૈલી ઉગ્ર અને

---

૬૫. એજન
૬૬. એજન : પૃ. ૮૩

તીખી છે જ, પણ જ્યારે એમના વિચારોને અનુકૂળ ઉગ્રતા વ્યકત કરતું કબીરજીનું પદ આવે છે ત્યારે વાડીલાલ વધુ ઉગ્રતાથી વાત કરે છે. દા. ત.

" પઢત ગુનત રોગી ભયે, બઢયા બહુત અભિમાન;
ભીતર ભડકા જગતકા, ઘડી ન પડતી શાન."

" બહુ બહુ ભણ્યો તો શું મળ્યું ? માત્ર અભિમાનરૂપી દરદ ! એનું સૂક્ષ્મ શરીર તપાસો તો જણાશે કે ત્યાં તો જગતના પદાર્થોની ઇચ્છારૂપી અગ્નિ પ્રજવલિત હોય છે. સ્ત્રી નામથી ઓળખાતો સ્થૂલ પદાર્થ છોડયો હશે પણ તેના સૂક્ષ્મ શરીરમાં સ્ત્રીની લાલસા તો ભડકે ભડકારૂપે બળતી હોય છે; ત્રાંબા-રૂપા નાણું ત્યજયું હશે પણ નાણાંથી મળતી ચીજો તો અનેક પ્રકારની ભોગવે છે અને તેનો લોભ પણ અસાધારણ રાખે છે - એટલે સુધી કે પોતાનું માનેલું એક બે બદામની કિંમતનું પાત્ર પણ કોઇ બંધુને લેવા નહિ દે; અભિમાન ન ઉત્પન્ન થાય એટલા માટે ઘર-બાર અને સ્ત્રી વગેરે છોડયું પણ અભિમાન તો પહેલા કરતાં બમણો વધ્યો; આમ તેજસ્ શરીરમાં અનેક ઇચ્છાઓની આગ બળતી જ હોય છે. અને એથી બચવાનું ભાન ઘડીપણ આવતું નથી."[67]

" મન - મહાત્મ્ય અને મન-વશીકરણ"[68] શીર્ષક હેઠળ કબીરનાં છત્રીસ પદોનું વાડીલાલે કરેલું વિવરણ એમની કંઇક આગવી જ પ્રતિભા પ્રગટ કરે છે. એક એક પદને સમજાવતાં વાડીલાલના તાત્ત્વિક વિચારો નો સંભાર એમાં ભર્યો છે. કબીરજીએ ગાયું છે કે -

"મન મર્કટ બન બન ફિરે, કબૂંક થિર ઠહરાય;
રામ નામ બાંધા બિના, જિત ભાવે તિત જાય."[69]

---

૬૭. એજન : પૃ. ૯૧-૯૨
૬૮. એજન : પૃ. ૧૨૪-૧૩૯
૬૯. એજન : પૃ. ૧૨૪

આ બે તદ્દન સરળ લાગતી પંકતિઓને સમજાવતાં વાડીલાલે લખ્યું છે કે-

"અટકચાળા સ્વભાવનો વાંદરો - જેમ ઘડી પણ ઝંપતો નથી, ઘડીમાં અહીંને ઘડીમાં તહીં કૂદ્યા જ કરે છે અને દાંતિયા કરે છે તેમજ અનેક પ્રકારના ચાળા કરે છે અને મનુષ્યાદિના ચાળા પાડવામાં -અનુકરણ કરવાનો તેનો સ્વભાવ હોય છે; તેવી જ રીતે મન પણ આત્મ-તત્ત્વમાં સ્થિર ન રહેતાં તર્ક-વિતર્કમાં કૂદ્યા જ કરે છે, કેટલીક વાર તો વાંદરાની પેઠે મોટી મોટી ફલંગો કલ્પનાશકિતમાં ભરે છે. વળી તેનામાં અનુકરણ શકિત પણ સ્વભાવથી જ છે; કારણકે જે જુએ છે તેવા થવાને તેને સહજ ઇચ્છા થાય છે. આવા આડવીતરા મનને વશ રાખવાનો એક જ ઉપાય છે - માત્ર એક જ ઉપાય છે, તે એ કે તેને રામ નામથી એટલે પરમાત્મ સ્મરણ વડે બાંધી રાખવું. કે જેથી મરજી મુજબ તે કૂદાકૂદ કરી શકશે નહિ. માનસશાસ્ત્રનો નિયમ છે કે, કોઇ ચીજ ખાલી રહી શકતી નથી. વાસણમાં કંઇ ન ભર્યું હોય તો પણ તે હવાથી તો ભરેલું છે જ. તેમ મન કદી ખાલી તો રહી શકતું નથી જ; માટે જો તમારે તેને ખરાબ વિચારો અને સંકલ્પ વિકલ્પથી બચાવવું હોય તો કોઇ પણ શુભ કે શુધ્ધ ખ્યાલ તેમાં ભરો, એટલે અશુભ ખ્યાલને દૂર ખસી જગા કરવી જ જોઇશે. પરમાત્મા સાથેનો આપણો અતૂટ સંબંધ જો વારંવાર વિચારવામાં આવે તો આપણું મન બીજે ભટકવા પામે નહિ."[૭૦]

આવી રીતે વિગતવાર આ છત્રીસ પદોનું અવલોકન વાડીલાલે દલીલો અને દૃષ્ટાંતો આપી સમજાવી એ પદમાં રજૂ થયેલા ગૂઢ રહસ્યને સરળતાથી સમજાવવાનો પુરુષાર્થ સેવ્યો છે. મન મર્કટને વશ કરવાના

---

૭૦. અંજન : પૃ. ૧૨૪-૧૨૫

ઉપાયો સૂચવતા આ પદોમાં વાડીલાલે ફરીથી લોન્ગફેલોને યાદ કરીને એના વાક્યો નોંધ્યા છે તે નીચે પ્રમાણે છે –

"Act, Act in the living present
Heart within and God overhead".[71]

પરમાત્મામાં મનને સ્થિર કરવાનો સૌથી સરળ અને શ્રેષ્ઠ ઉપાય કબીરજીએ બતાવ્યો છે કે –

" "તૂં તૂ" કરતા તૂં ભયા, મુજમેં રહી ન "હું";
બારી ફેરી બલિ ગઇ, જીત દેખૂં તિત તૂ"[૭૨]

આ પદો ઉપરાંત "પરમેશ્વરની વાતો," "જીવની વાતો", "ક્ષણનો પણ પ્રમાદ ન કરશો", "મહયાની વાતો", "કાળની વાતો", "બહારના પરમેશ્વરથી ઠગાતા નહિ", "ભક્તિ કેવી રીતે કરશો?" "સાધુ કોને કહેવા ?" "સાધુ થવું કાંઇ રસ્તામાં પ્રડયું નથી," "મગજની પંડિતાઇ વિરુધ્ધ હૃદયની પવિત્રતા", "રામ ક્યાં વસે છે ?" "તને આત્મતત્ત્વ કોણ ઓળખાવશે ?" "સંસારમાં સુખ ક્યાં છે ?" "ગુરુ મહાત્મ્ય અને સત્સંગ", "શબ્દ", "દાન", "ધૈર્ય", "અહંકાર છોડો–નમ્ર બનો".....વગેરે શીર્ષકથી કબીરજીના અનેક પદોને સમજાવી વાડીલાલે રસાસ્વાદ કરાવ્યો છે.

"કબીરજીના આધ્યાત્મિક પદો" ના વિવેચનગ્રંથ ઉપરાંત "આદર્શ જૈન"[૭૩] પુસ્તકનું વિહંગાવલોકન કરતી એક નાની પુસ્તિકા વાડીલાલે લખી છે. "આદર્શ જૈન" પુસ્તક સંબંધમાં ભિન્ન ભિન્ન જૈન સંપ્રદાયના સામયિકપત્રો

---

૭૧. એજન : પૃ. ૧૩૮
૭૨. એજન : પૃ. ૧૩૯
૭૩. બસી – "આદર્શ જૈન" : ૧૯૨૯ : ચોથી આવૃત્તિ

સાધુઓ અને શ્રાવકોએ પ્રશંસાયુક્ત અભિપ્રાયો આપ્યા હતા તેનો ઉલ્લેખ માત્ર કરી ભલા તથા બુરા અભિપ્રાયો આપનારાઓની સંખ્યા દેશમાં જમીનમાંથી ઊગી નીકળતા 'weeds' જેટલી છે એમ નિર્દેશ કરી વાડીલાલે લેખકોના ત્રણ વર્ગ પાડયા છે જે આપણે એમના જ શબ્દોમાં જોઇએ. -

" એક વર્ગ એવા લેખકોનો છે કે જેઓ જીવન જીવવાના અખતરા કરતાં જે જે વખતે જે જે અનુભવો થતા જાય તે નોંધતા હોય છે અને તે અનુભવોને "પોતાની તે ભૂમિકાનાં સત્યો" તરીકે પુસ્તકરૂપે જાહેર કરતા હોય છે. એમના એક કાળે પ્રગટ કરેલા પુસ્તકના કોઇ વિચારોથી, એમના જ બીજે કાળે પ્રગટ કરેલા પુસ્તકના વિચારો જુદા પણ પડે, કારણકે તે દરમ્યાન તેમનો વિકાસ થયો હોય છે અને તેથી એમનું દૃષ્ટિબિંદુ બદલાવું જોઇએ જ.

બીજા વર્ગના લેખકો તેઓ છે કે જેઓને પ્રથમ તો પોતા પ્રત્યે તેમજ પોતાની આસપાસ જે કંઇ જોવામાં આવતું હોય તે સર્વ તરફ ભયંકર અરુચિ (disgust) ઉત્પન્ન થવા પામી હોય અને તે પછી "અહં" અને "મમ" એ બંને ભાવ હટવાને પરિણામે સ્વતંત્રરીતે બહારથી તનદુરસ્ત ખોરાક મેળવવાનો પુરુષાર્થ થવા પામ્યો હોય અને એ પુરુષાર્થને પરિણામે પહેલા વર્ગના કોઇ લેખકનું સાહિત્ય પ્રાપ્ત કરી એનો સાંગોપાંગ "અભ્યાસ" કરી એના ઉપર મહિનાઓ કે વર્ષો સુધી "મનન" કરી એ વિચારો જ્યાંથી ઉદ્દભવ્યા હતા, તે હૃદયમાં પ્રવેશ કરી તેનાથી તન્મયતા જમાવી હોય - અને પછી એ તન્મયતા એની પાસે કંઇક લખાવે.-----

જેને માટે સમાજમાં સ્થાન નથી છતાં જે જનતાની "જડતા"ને હથિયાર બનાવી સ્થાન કરી લે છે એવો પણ એક લેખકોનો વર્ગ છે, કે જે હિંદના કમનસીબે જીવનના દરેક ક્ષેત્રમાં અસાધારણ પ્રમાણમાં ધૂસી ગયો છે. આ વર્ગમાં સ્રજનાત્મક શક્તિ નથી હોતી, જેના તેના વિચારો ઉપલકિયા વાંચી પૂર્વાપર સંબંધ સમજયા વગર આશય સમજ્યા વગર, દેશ–કાળ સાથે ઘટાવ્યા વગર, જે તે લખી નાખી પોતાને ગ્રંથકાર,પત્રકાર, ઉપદેશક, સમાલોચક કે વિચારક કહેવડાવનારની સંખ્યા ચોમાસામાં ઊભરાઇ આવતાં અળસિયાંની સંખ્યા સાથે હરિફાઇ કરી શકે છે. હિંદમાં પ્રગટ થતાં લખાણોનો ૯૯ ટકા જેટલો ભાગ આ ત્રીજા વર્ગના લેખકોને આભારી છે. ધર્મ અને તત્ત્વજ્ઞાનને નામે સંસ્કૃત કે માગધી ભાષામાં લખાયેલા ગ્રંથોનો પણ ૯૦ ટકા જેટલો ભાગ આ ત્રીજી જાતિને આભારી છે, અને વયોવૃધ્ધ પ્રજામાં "ત્રીજી જાતિ"નું જોર વધુ હોય એ પણ સ્વાભાવિક છે."[૭૪]

"આદર્શ જૈન" ના લેખક શ્રી બસીને વાડીલાલે બીજા પ્રકારના લેખકોમાં સ્થાન આપ્યું છે. શ્રી બસીએ નોંધ્યુ છે કે –

"જૈન" ના એક જીવનમાં અનેક જીવનનો લાંબો તેજસ્વી ઇતિહાસ હોય."[૭૫] આ કથનને સમજાવતાં વાડીલાલે અંગ્રેજ તત્ત્વવેત્તા એડવર્ડ કાર્પેન્ટર [કે જેનામાં પ્રાચીન હિંદી ઋષિનો આત્મા હતો] ના Enfoliage of the soul ના સિધ્ધાન્તને અને જર્મન તત્ત્વવેત્તા નિત્શેના નીચે આપેલા કથનને નોંધ્યાં છે. નિત્શેએ કહયું છે –

---

૭૪. વા.મો.શાહ" : "આદર્શ જીવન" : વિહંગાવલોકન : પૃ.૭–૮–૯

૭૫. એજન : પૃ.૧૭

"Not 'How is man preserved?', but 'How is Man surpassed? Should be the topic for all higher men."

અર્થાત્ મનુષ્યવ્યક્તિ કે જનતાને હરકોઈ ભોગે જીવતી રાખવા માટે શું કરવું એ પ્રશ્ન નહિ, પણ મનુષ્ય નામનો છોડ ઉત્તરોત્તર પોતાને વટાવતો રહે એવું થવા માટે શું કરવું, એ જ સર્વ કોટિના મનુષ્યોની કાળજીનો વિષય હોવો જોઇએ.[૭૬] આ સંક્ષિપ્ત વિહંગાવલોકન વાડીલાલની વિવેચનપ્રતિભા પ્રગટ કરે છે.

વાડીલાલના વિવેચન સાહિત્ય વિશે સંક્ષેપમાં કહીએ તો એમનું વિવેચન "ગ્રંથાવલોકન"માં સીમિત છે. સાહિત્યના કોઇ પણ પ્રકાર ઉપર વિવેચન કરતા એમના લખાણો નથી પરંતુ "પાટણની પ્રભુતા", "પૃથિવીવલ્લભ", "જયા-જયન્ત", "અવધૂત ગીતા", "નવજીવન", "શ્રી શ્રીપાલ ચરિત્ર" જેવા મહત્ત્વના અવલોકનો એમને વિવેચન ક્ષેત્રમાં સ્થાન જરૂર અપાવે છે.

---

૭૬. અંજન : પૃ. ૧૮